# વિશ્વવિહાર

વર્ષ : 28 * અંક : 6 * માર્ચ 2026 * કિં. ₹ 15





**એઆઈ મૉડલ : સર્વજનહિતાય, સર્વજનસુખાય**



શ્રી મનસુખભાઈ જે. મેદાણીપ્રેરિત સમાજ-ઉત્કર્ષ ઍવૉર્ડ સ્વીકારતાં શ્રી રતનબહેન રાતડિયા અને સર્વશ્રી પ્રીતિ શાહ, નીતિન શુક્લ, મનસુખભાઈ મેદાણી, કુમારપાળ દેસાઈ, ચંદ્રવદન શાહ, રમેશ તન્ના અને ત્રિલોક સંઘાણી



ઍવૉર્ડનો પ્રતિભાવ આપતાં શ્રી રતનબહેન રાતડિયા

**આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.**

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-

લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.

વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

આજની વાત

# વિવિધ દેશો સાથેના વ્યાપારકરારો

**પ્રવીણ ક. લહેરી**

છેલ્લાં થોડાં વર્ષથી ભારતનો આર્થિક વિકાસનો દર વિશ્વના અન્ય તમામ દેશો કરતાં વધારે રહ્યો છે. ભારતનું અર્થતંત્ર કદની રીતે આજે ચોથા ક્રમાંક પર છે અને ટૂંક સમયમાં તે ત્રીજા સ્થાને આવશે તેવી સંભાવના છે. ૧૪૫ કરોડની વસ્તી સાથે ભારત એ વિશ્વ માટે એક મોટું બજાર છે. ઝડપી આર્થિક વિકાસ અને નોંધપાત્ર ખરીદશક્તિના કારણે અનેક દેશો ભારત સાથેના વ્યાપારમાં વિશેષ રુચિ ધરાવે છે. આ પરિસ્થિતિનો લાભ લઈને ભારતે ૩૮ જેટલા દેશો સાથે અલગ અલગ વ્યાપારકરારો કર્યા છે.

દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં ખૂબ મોટો વધારો થયો છે. અગાઉનાં વર્ષોમાં ખાદ્યપદાર્થોનો વ્યાપાર અગ્રસ્થાને હતો, ત્યારબાદ ઊર્જા માટેના ઈંધણ(પેટ્રોલિયમ પદાર્થો)નો વ્યાપાર નોંધપાત્ર રીતે વધ્યો છે. ત્યારબાદ ડોટકૉમના સમયમાં સૉફ્ટવૅર દ્વારા નિકાસક્ષેત્રે કમાણી કરવાનો અવસર આવ્યો હતો. આજે વિશ્વમાં નાણાકીય રોકાણોનું આગવું મહત્ત્વ છે. વિશ્વની ૧૦૦ સૌથી વિશાળ કારોબાર કરતી બહુરાષ્ટ્રીય કંપનીઓમાંથી ૪૦ ટકા ઉપરાંતની કંપનીઓ નાણાકીય કામગીરી સાથે સંકળાયેલી છે. ભારતના અર્થતંત્ર માટે નિકાસ સાથે સાથે વિદેશમાં નોકરી-ધંધા દ્વારા કમાણી કરી તેમાંથી બચત કરીને અત્રે વિદેશી હૂંડિયામણ મોકલનારા બિનપ્રવાસી ભારતીયોનો દેશના આર્થિક વિકાસમાં અનન્ય ફાળો છે.

આંતરરાષ્ટ્રીય વ્યાપાર માટે કહેવાય છે : ‘શક્તિશાળી અને વિકસિત દેશો વિકાસશીલ દેશોને તેમનો માલ કે સેવા નિકાસ કરવામાં અવરોધો મૂકીને વ્યાપારમાં પોતાને લાભ થાય પણ વિકાસ કરતા દેશોને લાભ ન થાય તેવી વ્યવસ્થા કરશે’. આ અવરોધો બે પ્રકારના છે : એક ટેરિફ (આયાત પરનો કર) અને બીજો બિનટેરિફ. ઉદાહરણ તરીકે આજે અમેરિકા અન્ય રાષ્ટ્રોની નિકાસને અંકુશમાં રાખવા ભારે ઊંચી ટેરિફ નાખે છે. બિનટેરિફ અવરોધમાં આયાત કરનારા દેશો એવાં નિયમનો કરે છે કે નિકાસ કરનાર દેશોનો માલ આવતો રોકી શકાય. દાખલા તરીકે બાળમજૂરી કે કેદીઓ દ્વારા ઉત્પાદન છે, માલમાં રસાયણોનું પ્રદૂષણ છે, માલનું પૅકેજિંગ બરાબર નથી, માલની ગુણવત્તા સારી નથી - જેવાં કારણોમાંથી કોઈ પણ એક કારણ આપી માલ પરત લઈ જવા ફરજ પાડવામાં આવે છે. ચીન તો તેની સરમુખત્યારી રીત-રસમોનો ઉપયોગ કરી ત્યાંના વ્યાપારીઓ અમુક ચીજવસ્તુઓ જ આયાત કરી શકે તેવા વણલખ્યા નિયમો થકી પોતાનું બજાર વિદેશીઓ માટે બંધ રાખી આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં પોતાના દેશ માટે ખૂબ મોટું ‘ટ્રેડ’ સરપ્લસ રાખે છે.

અગાઉ આંતરરાષ્ટ્રીય વ્યાપારના નિયમન અને GATT(જનરલ એગ્રિમેન્ટ ઑન ટ્રેડ અને ટેરિફ) નામની વ્યવસ્થા અમલમાં હતી. કોઈ પણ રાષ્ટ્રો વ્યાપારમાં શું કરી શકે અને શું ન કરી શકે તેના સિદ્ધાંતો નક્કી કરવામાં આવતા હતા. આ વ્યવસ્થા અસ્થાયી હતી અને અનેક દેશો આ સમજૂતીને ગંભીરતાથી લેતા નહીં. વિશ્વમાં દેશ દેશ વચ્ચેના વ્યાપારને સ્થિર કરવા એક અલાયદું અને કાયદાકીય રીતે બંધનકર્તા નિર્ણયો આપી શકે તેની સ્થાપના કરવાનો વિચાર મોટા ભાગના દેશોએ સ્વીકાર્યો. આ અંગે દીર્ઘ મંત્રણા બાદ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૫થી WTO(વર્લ્ડ ટ્રેડ ઑર્ગેનાઇઝેશન)ની સ્થાપના થઈ. આની સ્થાપનામાં અમેરિકા અગ્રેસર હતું. ત્યારે અમેરિકાનો આગ્રહ હતો કે આંતરરાષ્ટ્રીય વ્યાપાર મુક્ત હોવો જોઈએ અને આયાત પરનો કર ન હોવો જોઈએ અથવા ખૂબ ઓછો હોવો જોઈએ. આજે એ જ અમેરિકા ટેરિફનો ઉપયોગ એકપક્ષીય રીતે શસ્ત્ર તરીકે કરે છે. આ ઉપરાંત અન્ય દેશોને આદેશ આપી અમુક દેશો સાથે વ્યાપાર ન કરવા માટે દબાણ ઊભું કરે છે. જેમ વિદેશનીતિ માટે કહેવાયું છે; કોઈ દેશને કાયમી મિત્ર કે કાયમી શત્રુ હોતા નથી, હોય છે તેમનું કાયમી હિત. આમ વિશ્વવ્યાપારમાં સૌ સામા પક્ષનો ફાયદો ન જોતાં પોતાને થતા લાભોની ગણતરી કરીને નિર્ણય લે છે. વર્લ્ડ ટ્રેડ ઑર્ગેનાઇઝેશનના મુખ્ય સિદ્ધાંતો છે જે માટે અમેરિકાએ ઝુંબેશ ચલાવી હતી; તે છે :

૧. વિશ્વવ્યાપાર માટે મુક્ત અને સ્પર્ધાત્મક વાતાવરણનું નિર્માણ કરવું અને તેના થકી દેશ દેશ વચ્ચેનો વ્યાપાર વધે અને નિકાસ દ્વારા સંબંધિત દેશમાં આવક અને

## અનુક્રમ


| | | |
|---|---|---|
| વિવિધ દેશો સાથેના વ્યાપારકરારો | ૩ | પ્રવીણ ક. લહેરી |
| કેફિયત | ૭ | ધીરુબહેન પટેલ |
| વન્યજીવસૃષ્ટિનો રક્ષક | ૧૧ | હેમલ જાદવ |
| એઆઈમાં ભારત : નવી સિદ્ધિ, નવા પડકાર | ૧૫ | હર્ષ મેસવાણિયા |
| એન્જૉયગ્રાફી | ૧૮ | રતિલાલ બોરીસાગર |
| આપણો ભાવિ દુશ્મન બોલી રહ્યો છે! | ૨૦ | કુમારપાળ દેસાઈ |
| પાટા પર ઊડતી ટ્રેન : મૅગ્લેવ | ૨૪ | ચિંતન ભટ્ટ |
| અંકે ગૌડાનું ‘પુસ્તકોનું ઘર’ | ૨૭ | ઊર્મિલા ઠાકર |
| જયંતી બુરુદાનું ‘જંગલ રાની’ | ૨૯ | પ્રીતિ શાહ |
| સંકેલાયેલો એક સઢ અને એક ખાલીખમ કબર | ૩૧ | ભારતી રાણે |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | — |

રોજગારી વધે, ૨. બે દેશો વચ્ચેની મંત્રણામાં તટસ્થ પક્ષ તરીકે મદદરૂપ થવું, ૩. બે દેશો કે દેશોનાં જૂથો વચ્ચે વિવાદ થાય તો તેની સુનાવણી કરી ચુકાદો આપવો, ૪. દરેક દેશ આયાત પર વાજબી ગણી શકાય તેટલી જ ટેરિફ (આયાતકર) નાખે અને બિનટેરિફ અવરોધો ઓછા કરે. શરૂઆતમાં ચીન જેવો મહત્ત્વનો દેશ આ સંસ્થામાં જોડાયો ન હતો પણ થોડા સમય બાદ તે જોડાતાં વિશ્વની ૮૫ ટકા જેટલી વસ્તી ધરાવતા દેશો વર્લ્ડ ટ્રેડ ઑર્ગેનાઇઝેશનના સભ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ(૨૦૨૪-૨૮)ની શરૂઆત થતાં જ ટ્રમ્પે જાહેર કર્યું કે અમેરિકાની વિદેશનીતિને સાનુકૂળ ન હોય તેવા દેશોની આયાતો પર તે ૧૦ ટકાથી ૧૦૦ ટકા સુધીનો આયાતકર (ટેરિફ) નાંખશે. અનેક દેશોની આયાતો પર આવો કર નાખ્યો. ભારત પર ૨૫ ટકા ટેરિફ ભારતની એકપક્ષી વ્યાપારનીતિના કારણે અને બીજા ૨૫ ટકા રશિયા પાસેથી ક્રૂડ ઑઇલની ખરીદી માટે - એમ ૫૦ ટકા ડ્યૂટીના કારણે ભારત-અમેરિકાનો વ્યાપાર ગૂંચમાં પડી ગયો હતો. તાજેતરમાં ભારત અને અમેરિકા વચ્ચે જે વ્યાપારકરાર (૨૦૨૬) થયો તેનાં મહત્ત્વનાં પાસાંઓ નીચે મુજબ છે : (૧) અમેરિકાએ ૫૦ ટકા ટેરિફ ઓછી કરી ૧૮ ટકા કરી. ભારતે અમેરિકાના માલ પરની આયાત ડ્યૂટી સદંતર દૂર કરી. આ પ્રકારની અસમાન વ્યવસ્થાની તીવ્ર ટીકાઓ થઈ રહી છે. (૨) અમેરિકા અને ભારત વચ્ચે અરસપરસની આયાત-નિકાસ અવરોધોથી મુક્ત રહે અને વ્યાપાર વધે તેવું નક્કી કરવામાં આવ્યું છે. આ સાથે અમેરિકાએ ભારત પાસેથી આગામી પાંચ વર્ષમાં ૫૦૦ અબજ યુ.એસ. ડૉલરની આયાત કરીશું તેવી બાંહેધરી મેળવી છે. આ ઉપરાંત ભારત રશિયા પાસેથી નહીં, પરંતુ અમેરિકા પાસેથી જ ક્રૂડ ઑઇલ ખરીદશે તેવો દુરાગ્રહ રાખ્યો છે. અમેરિકાની કૃષિપેદાશો અને ડેરીના ઉત્પાદન માટે ચોક્કસ જથ્થામાં શૂન્ય ડ્યૂટી પર ભારતનું બજાર ખુલ્લું મૂક્યું છે.

અમેરિકાનાં કૃષિઉત્પાદનો જિનેટિકલી મોડીફાઇડ હોવાથી તેની આડઅસરો અંગે ભારતીય પ્રજામાં ચિંતા શરૂ થઈ છે. ડેરીઉત્પાદનો કઈ રીતે આયાત થાય છે અને કયા કયા ટેસ્ટ કર્યા પછી વેચાશે તે અંગે સ્પષ્ટતા નથી. આ ઉપરાંત ભારતમાં થતી આયાત પર શૂન્ય કર અને અમેરિકામાં આયાત થતી ચીજો પર ૧૮ ટકા ટેરિફને અસમાનતાનું ઉદાહરણ અને અમેરિકાની જોહુકમી ગણી શકાય. અમેરિકા સાથેના વ્યાપારકરાર અંગે જે દસ્તાવેજ સંપૂર્ણ રીતે જાહેર થવો જોઈએ તે થયો નથી. આના કારણે સ્પષ્ટ મંતવ્ય આપવું મુશ્કેલ બન્યું છે.

આ ઉપરાંત ભારતે અગાઉ ઑસ્ટ્રેલિયા સાથે મુક્ત વ્યાપાર કરાર હેઠળ ૭૦૦૦ જેટલી ચીજો ડ્યૂટીફ્રી કરી હતી. ભારત ઑસ્ટ્રેલિયાના દરિયાઈ માર્ગ પર ચીનની કંપનીઓનું વર્ચસ્વ હોવાથી અનેક મુશ્કેલી સર્જી ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે વેપાર વિકસે નહીં તેવી કાર્યવાહી ચીને કરી હતી. તાજેતરમાં યુનાઇટેડ કિંગ્ડમ(બ્રિટન) કેનેડા અને યુરોપિયન યુનિયનના દેશો સાથે જે કરારો થયા છે તેમાં સમાનતાનું ધોરણ જળવાયું

છે. આ કરાર હેઠળ ૮૦થી ૯૯ ટકા ચીજો આયાત શુલ્કથી મુક્ત છે. ભારતના ઉદ્યોગો માટે આ એક અનેરો અવસર છે. યુરોપિયન યુનિયન ઑન-ટેરિફ અવરોધો માટે જાણીતું છે. તેમ છતાં છેલ્લાં થોડાં વર્ષોમાં ભારતના ઉદ્યોગોએ અપનાવેલી હાઈ ટૅક્નૉલૉજી અને મજૂરીના વાજબી દરોને કારણે ભારતીય ઉત્પાદનો સ્પર્ધાત્મક બન્યાં છે. મેક ઇન ઇન્ડિયા હેઠળ દેશના અને વિદેશના ઉદ્યોગકારો ઉત્પાદનમાં વધારો કરી રહ્યા છે. ઉદાહરણ તરીકે ભારતમાંથી કારની નિકાસમાં સતત વૃદ્ધિ થઈ રહી છે. હીરા, કાપડ, કપડાં, ચામડાની વસ્તુઓ, સિરામિક, એન્જિનિયરિંગ, દવા, રસાયણ, પેટ્રોલિયમ-બનાવટો સહિત અનેક ક્ષેત્રે ભારતની સ્થિતિ મજબૂત છે.

આજનો સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે વ્યાપારકરાર હેઠળ અનેક દેશોના બજારમાં માલ વેચવાની અનુકૂળતા વધી છે. ત્યારે આપણા ઉદ્યોગકારો અને વ્યાપારીઓ આનો કેટલો લાભ ઉઠાવી શકશે તેના ઉપર સફળતાનો આધાર છે. સરકાર અને નિકાસકારોએ સયુંક્ત રીતે નિકાસના દરેક ક્ષેત્ર અંગે વ્યૂહરચના બનાવવી જોઈશે. જે જે ક્ષેત્રમાં કે ચીજોના નિકાસમાં મુશ્કેલી હોય તેનું સચોટ નિરાકરણ કરી ભારતીય ચીજોને સ્પર્ધાત્મક બનાવીશું તો આપણો આર્થિક વિકાસદર જે સાતથી આઠ ટકા વચ્ચે છે તેમાં વધારો કરી ૧૧થી ૧૨ ટકા જેટલો કરી શકીએ તેવા ઊજળા સંજોગો છે. ચીન ભલે આપણું શત્રુ હોય પણ તેણે નિકાસક્ષેત્રે જે અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી છે તેમાંથી અનેક બોધપાઠ લેવા જેવા છે. મૂડીરોકાણ, કાચો માલ, વાજબી મજૂરીના દર, જંગી ઉત્પાદન અને ચાલાકીભર્યું માર્કેટિંગ કરીને ચીને સમૃદ્ધિ મેળવી છે, ગરીબી અને બેરોજગારી દૂર કર્યાં છે. ચીનની વાત આવે ત્યારે ત્યાં તો સરમુખત્યારશાહી છે અને આપણે ત્યાં લોકશાહી હોવાથી આવું શક્ય નથી તેવી દલીલ સાવ નિરર્થક છે. આર્થિક વિકાસ અને તેના લાભો બાબત રાષ્ટ્રીય સહમતી વિકસાવીને તે માર્ગે ચાલીએ તો આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું 'વિકસિત ભારત'નું સ્વપ્ન વર્ષ ૨૦૪૭ પહેલાં સાકાર કરી શકીએ તેમ છીએ.

આજે જ્યારે આંતરરાષ્ટ્રીય વ્યાપારક્ષેત્રે અરાજકતાની સ્થિતિ સર્જાય છે ત્યારે ભારત માટે આ વ્યાપારી કરારો વિકાસનું દ્વાર ખોલે છે. આ કરારો દ્વારા નિકાસવૃદ્ધિ કરીને હાલ આપણી આયાતો ૮૫૫ બિલિયન યુ.એસ. ડૉલર છે.

જ્યારે નિકાસમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ થતાં નિકાસની કિંમત ગત વર્ષે ૮૨૫ બિલિયન યુ.એસ. ડૉલર હતી. ૩૮ જેટલા દેશો સાથેના વ્યાપારકરારો બાદ આગામી વર્ષે આપણે આયાત-નિકાસના આંકડા ૧૦૦૦ બિલિયન (ટ્રિલિયન) યુ.એસ. ડૉલરે પહોંચાડી શકીએ અને વ્યાપારખાધ શૂન્ય કરી શકીએ તો આપણું અર્થતંત્ર ખૂબ ઝડપથી વિકસી શકશે. આપણી સામે જેમ અવરોધો છે તેમ અવસરો પણ છે, જેમ દબાણો છે તેમ તેને નિવારવાની શક્તિ છે. ૧૯૯૦ પછી ફરી એક નવો અધ્યાય શરૂ થયો છે. આપણે જહેમત, કાળજી, આયોજન અને સંકલનથી આ સ્થિતિને આફત ન ગણતાં અવસર છે તેમ સમજીને અથાક કાર્ય કરીએ તો અગણિત લાભોની શક્યતા છે.

સ્મરણ

# કેફિયત

## ધીરુબહેન પટેલ



ધીરુબહેન પટેલ

વાંચવા લખવાનો રોગ મને બહુ નાનપણથી વળગેલો. મારાં માતાપિતાની ટેવ એવી કે એમનું આ ત્રીજું અને છેલ્લું સંતાન શું કરે છે એનું આઘેથી ધ્યાન રાખે. જવલ્લે જ બ્રેક મારે અને તેથીયે ઓછી વખત પોરસાવે. આને લીધે મને વિચાર અને વર્તનનું ખુશનુમા અને સ્વતંત્ર વાતાવરણ મળ્યું. એનો મેં પૂરેપૂરો લાભ લીધો હોવાથી જ્યારે ને ત્યારે હું કંઈક લખ્યાં કરતી. વાચનની ગતિ તો બુલડોઝર જેવી. ચાલ્યા જ કરે.

એટલે એક ઉનાળાના અમારા માથેરાનના ગ્રીષ્મનિવાસમાં મોટી મોટી લટકતી મૂછોવાળા ભવ્ય દેખાતા મુરબ્બીનું આગમન થયું અને એમણે પૂછ્યું, 'તું કંઈક લખે છે ?' ત્યારે મેં હા પાડી અને બીજું ફરમાન બહાર પડ્યું, 'શું લખે છે ? બતાવ જોઈએ !' ત્યારે અનિચ્છા હોવા છતાં મેં હાથમાંનો કાગળ એમને સોંપ્યો. એમણે એ વાંચ્યો અને ખાસી વાર સુધી મારી સામે જોઈ રહ્યા. પછી બોલ્યા, 'તું કવિતા શું કરવા લખે છે ?'

હું મૂંઝાઈ ગઈ. મને ખબર નહોતી કે એમને હું શું જવાબ આપું ? જરા વાર પછી મેં કહ્યું, 'ખબર નહીં !'

સહેજ સ્મિત કરીને એ બોલ્યા, 'તો સારું, ઘણા લોકોને ખબર નથી હોતી ને પાછી એટલીયે ખબર નથી હોતી કે મને ખબર નથી. એના કરતાં તો આ છોકરી ડાહી કહેવાય. શું કહો છો ગોરધનભાઈ ? અને તમે - ગંગાબહેન ?' પછી અટ્ટહાસ્યથી એમણે ખંડ ગજવી મૂક્યો.

હું તો આ બધો તાલ જોયા જ કરું, પૂરી સમજ પડે નહીં કે આ વડીલ ખિજાયા છે કે રિઝાયા છે. પછી વળી મારા તરફ ધ્યાન જતાં મારે ખભે હાથ મૂકીને કહ્યું, 'મારું માને તો હમણાં કવિતા રહેવા દે. લખવાનું છોડતી નહીં, ગદ્ય પાકું થવા દે પછી કવિતાનો વારો ! બરાબર ?'

મેં વગર સમજ્યે હકારમાં ડોકું ધુણાવ્યું. હાઈસ્કૂલમાં માંડ પ્રવેશ થયો હતો, અક્કલ કેટલીક ચાલે ? પણ એટલું તો સમજાયું કે આ કોક મોટા માણસ છે, જે કહેતા હશે તે બરાબર જ હશે ને !

અમુક સમય લગી તો બળવંતરાય ઠાકોરની સૂચના બરાબર પાળી. પછી રામપ્રસાદ બક્ષીના આચાર્યપદે ચાલતી પોદાર હાઈસ્કૂલના ગુજરાતી વિષયના શિક્ષક ભૃગુરાય

અંજારિયાએ ટોણો માર્યો, 'જીવનના યાદગાર પ્રસંગોએ પણ કવિતાની ચાર લીટી ન લખી શકે તેને કંઈ શિક્ષિત કહેવાય ?'

પત્યું. આ પડકાર તો ઝીલવો જ રહ્યો એટલે કવિતા પરની પાબંદી છૂટી ગઈ અને કલમ મોકળી થઈ ગઈ. ત્યાર પછી જે થોડુંઘણું લખાયું તે 'છોળ અને છાલક'માં કેદ થયું છે. નાટક-સિનેમા માટે લેખનકાર્ય શરૂ કરવાનું થયું ત્યારે જોયું કે અહીં તો એકલા ગદ્યથી નહીં જ ચાલે એટલે જરૂર પ્રમાણે ગીતો પણ લખવા માંડ્યાં. આની શરૂઆત એવી રીતે થયેલી કે સુરેશભાઈ દલાલે મને કહ્યું, 'ધીરુબહેન, આપણે બાળકો માટે એક અદ્‌ભુત નાટક લખીએ. નિર્માતા તૈયાર છે, વાર્તા ને સંવાદ તમારાં-ગીતો મારાં. બોલો, કરીશું ?'

મને બાળકો બહુ ગમે. ગણિત જરાયે ન ગમે. સુરેશભાઈની ભાગીદારી ગમે. નિર્માણની માથાકૂટ ન ગમે એટલે મેં 'અંડેરી ગંડેરી ટીપરી ટેન' બાળનાટકનું મંડાણ કર્યું. લખવાની ને સાથે બેસીને વાંચવાની બહુ મઝા આવતી હતી. એમાં ને એમાં મને ધ્યાન જ ન રહ્યું કે સુરેશભાઈ ગીતો પણ મારી પાસે જ લખાવતા હતા. છેક છેલ્લે ભાઈસાહેબે કહ્યું, ''આમાં પશ્ચિમ દિશાનું 'પિન્કી ડોલ, ડિન્કી ડોલ' એ એક જ ગીત મારું છે, બાકીનાં બધાં તમારાં છે. તમે ઇચ્છો છો કે તમારો મિત્ર એક અપ્રામાણિક માણસ ગણાય ? આ નાટકનું કર્તૃત્વ તમારું જ છે. એ તમારા નામથી જ છપાશે અને તમારા નામથી જ ભજવાશે.'' લ્યો, કરો વાત ! આમને હું શું કહી શકું ? પછી વળી બીજો ધડાકો આવ્યો - 'નિર્માતા ખસી જાય છે.'

ચાલો, હવે નહીં ભજવાય, બીજું શું ? પણ નાટકના જન્માક્ષર સારા હતા. ભાલ મલજીના સંગીતપ્રેમ અને ઉષાબહેન મલજીના નાટ્યપ્રેમને કારણે એ નાટક થયું. આપણા દેશનાં જુદાં જુદાં અગ્રણી શહેરોમાં થઈને પચીસેક વાર ભજવાયું અને 'કવિતાલેખન મારું કામ નથી' એવું બોલવાનો મારો અધિકાર પાતાળે ગયો.

ત્યાર પછીનાં નાટક-સિનેમાની વાત તો બધા જાણે જ છે. મારે વાત કરવી પડશે મારી 'કિચન પોએમ્સ'ની. એ વખતે કંઈક એવું બનેલું કે સુરેશભાઈનો વિષાદયોગ શરૂ થયેલો. અમારો રિવાજ એવો કે સવારના પહોરમાં એકાદ વાર તો ફોન પર વાત થાય જ. શું લખ્યું તે એકબીજાને જણાવવાનું પણ હોય. એક વખત સુરેશભાઈની વાતમાં પહેલાં જેવો રણકો ન સંભળાયો એટલે મેં પૂછ્યું, 'કેમ ભાઈ, શું થયું છે ?'

એ કહે, 'ખબર નહીં, ધીરુબહેન પણ કંઈ ગમતું જ નથી.'

'તમારે મોંએ આવા બોલ ? તમે તો તમારી જાતને સુરેશ ફાગણિયો કહેતા હતા ને !'

'હા, ખરી વાત ! પણ હમણાં-આમ તો કશું થયું નથી પણ મને કંઈ ગમતું જ નથી.'

વાત તો પૂરી થઈ પણ હું વિચારે ચડી. સુરેશભાઈના જીવનમાં ને મનમાં સૌથી પહેલી કવિતા. સારી કવિતા વાંચે તો એ ડોલી જ ઊઠે. એમને આનંદિત કરવા હોય તો મારે એમની સામે કવિતા જ ધરવી જોઈએ.

હવે એવી કવિતા શોધવા ક્યાં બેસું ? મૂળે આળસુ સ્વભાવ એટલે ઘણા વખતથી મનમાં રમતી હતી એવી 'કિચન પોએમ્સ' ચારપાંચ લખીને પાછો ફોન જોડ્યો.

'સુરેશભાઈ, કવિતા સાંભળશો ?'
'કોની છે ?'
'જેની હોય તેની ! સાંભળો તો ખરા !'
સુરેશભાઈ એ સાંભળી, રાજીના રેડ થઈ ગયા. બોલ્યા, 'બસ આટલી જ છે ? કોની ? તમારી છે ?'
'હા, છે તો મારી !'
'આટલી જ છે ?
'હોય કંઈ ? તમારે જોઈએ એટલી ! દસ, પંદર ? પચીસ, પચાસ ? બોલો, કહો એટલી લખી આપું. પણ તમે ખુશ રહો. ઉદાસી તમને શોભતી નથી.'
'કોણ ઉદાસ છે ? તમે આપો ને - બીજી જેટલી લખાય એટલી ! ક્યારે આપો છો ?'
'હાશ ! આઠ દસ દિવસમાં સો કાવ્યો લખ્યાં. સુરેશભાઈની આકસ્મિક ગ્લાનિ અદૃશ્ય થઈ ગઈ એટલે મેં કાગળિયાં આડાંઅવળાં ખોસી દીધાં. પણ કુદરતને એ મંજૂર નહીં હોય. (એ કાવ્યો અંગ્રેજીમાંથી જર્મન ભાષામાં, મરાઠીમાં અને હિંદીમાં અવતર્યાં. અને એમાં છુપાયેલી તખ્તાલાયકી દિગ્દર્શક નૌશિલ મહેતા અને અભિનેત્રી પદ્માવતી રાવના સંયુક્ત સાહસને લીધે બૅંગાલુરુના દર્શકોએ અનેક વાર માણી પણ ખરી.)
ઠીક, આ બધી હળવે હલેસે નાવ હંકારવાની વાત જવા દઈએ તો કવિતા એ ખરેખર શું છે ? માનવીને માર્ગદર્શન આપવાનો પોતાનો જન્મસિદ્ધ હક છે એમ માનતી કોઈ ગૌરવશાળી રાજ્ઞી છે ? શિશુનાં આંસુ પોતાના પાલવના છેડાથી લૂછતી એક વાત્સલ્યમયી માતા છે ? સંસારના પ્રખર તાપથી દાઝેલા છતાં અફાટ રણને પાર કર્યા વગર કોઈ છૂટકો નથી એમ માનીને એક પછી એક ડગલું માંડ્યે જતા પ્રવાસીને બે ક્ષણનો વિસામો આપતાં જલબિંદુ છે ? લાગણીઓના પ્રચંડ વાવાઝોડામાં સપડાયેલા અને સ્વસ્થતા ગુમાવી બેઠેલા હૃદયનો તીવ્ર આક્રોશ છે ? છે શું આ કવિતા?
માણસના મગજ અને હૃદય વચ્ચે એક અજબ સાથીદારી છે - સંઘર્ષ પણ છે. કઈ ક્ષણે કોનું રાજ્ય ચાલે તે કંઈ કહી શકાતું નથી. વળી તે રાજ્યમાં પણ એકનું સંપૂર્ણ આધિપત્ય અને બીજાને દેશનિકાલ એવું તો બનતું નથી. મને લાગે છે આ સનાતન દ્વંદ્વની મઝા માણતી અને હિંડોળે ઝૂલતી કોઈ અલ્લડ કિશોરી તે જ કવિતા છે. એના વિના આપણું જીવન સૂનું લાગે. ભલે ને, મુદ્રિત અક્ષરોમાં કેદ ન થાય તોયે એનું અસ્તિત્વ બિલકુલ અણધારી રીતે ક્યાંક ને ક્યાંક પ્રગટ થયા જ કરે છે અને જીવનને સહ્ય બનાવે છે, કુસુમિત બનાવે છે, વિશાળ બનાવે છે.
મારી સાવ અંગત વાત કરું તો પ્રયાગના ત્રિવેણીસંગમમાં જેનું નિગૂઢ અસ્તિત્વ સૌએ સ્વીકારેલું છે તે જ મનસ્વિની સરિતા સરસ્વતીના જેવી છે મારી કવિતા. મારું સીધું ગદ્ય યમુનાનાં ઊંડાં શ્યામલ જલરાશિ સાથે સરખાવું તો મારા સંવાદો છે ગંગાનાં તોફાની વારિ જેવા - પરાણે ધ્યાન ખેંચે; પણ હિમાલયમાં પ્રગટ થઈને જરાક વારમાં ક્યાંની ક્યાં અલોપ થઈ જતી ને ભૂમિતલમાં પ્રચ્છન્નપણે વહેતી ને વળી પાછી દર્શન દેતી નદી સરસ્વતી જેવી મારી કવિતાએ જીવનના નાનામોટા અનેક પ્રસંગોએ મને બચાવી લીધી છે અને એક દ્યુતિમય દેશનો સંકેત કરીને જીવવાનું બળ પૂરું પાડ્યું છે. એનો

ને મારો આ વિલક્ષણ સંબંધ સામાજિક સ્વીકારની મહોર લાગે કે ન લાગે છતાં મારે માટે અત્યંત પ્રિય અને મહામૂલો છે... વીરડી ગાળી છે; જેને ફાવે તે ખોબો પાણી પીતા જાય પણ એનું હોવું મારી મનોભૂમિને આર્દ્ર અને રસાળ રહેવા દેવામાં કેટલું મદદરૂપ છે તે હું કોઈને ન સમજાવી શકું - એવો વ્યાયામ કરવાની વળી જરૂરેય શી છે ?

આપણે તો આજનો અવસર માણીએ અને એમાં સહભાગી થનાર આપ સૌનો - આયોજકોનો, વક્તાઓનો, શ્રોતાઓનો હું હૃદયપૂર્વક આભાર માની લઉં એટલે વાત પૂરી.

*('કાવ્યમુદ્રા' દ્વારા અપાયેલા ઍવૉર્ડ સમયનું વક્તવ્ય)*

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

---




પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.


**વિશ્વા**

**વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/–**

પર્યાવરણ

# વન્યજીવસૃષ્ટિનો રક્ષક

હેમલ જાદવ



એમ. કે. રણજિતસિંહ ઝાલા

બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં આંતરરાષ્ટ્રીય વ્યાપારને બળ મળ્યું. જોકે આ ગાળામાં પ્રાણીઓનાં અંગોનો વ્યાપાર પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ ફૂલ્યોફાલ્યો અને દુર્લભ વનસ્પતિઓની તસ્કરી પણ મોટા પાયે થવા લાગી. પરિણામે અનેક પ્રાણીઓની પ્રજાતિ લુપ્ત થવાના આરે આવીને ઊભી રહી. આ પરિસ્થિતિ પર નિયંત્રણ મેળવવા માટે 'આંતરરાષ્ટ્રીય પ્રકૃતિ સંરક્ષણ સંઘ (International Union for Conservation of Nature)' દ્વારા વિશ્વના દેશો વચ્ચે પ્રાણીઓના શિકાર, તેનાં અંગોનો વ્યાપાર અને પર્યાવરણના સંરક્ષણ મુદ્દે સંધિકરાર કરવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો, જેના ભાગ રૂપે સંરક્ષણ સંઘના સભ્યદેશોના વિજ્ઞાનીઓ, સંરક્ષકો અને પર્યાવરણવાદીઓએ લાંબા ગાળાની મહેનત બાદ સંધિકરાર તૈયાર કર્યો. ૩ માર્ચ, ૧૯૭૩ના દિવસે અમેરિકાના વૉશિંગ્ટન ખાતે યોજાયેલા સંમેલનમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા આ કરાર સ્વીકારવામાં આવ્યો. એ રીતે લુપ્તપ્રાય જંગલી પ્રાણીઓ અને વનસ્પતિના આંતરરાષ્ટ્રીય વ્યાપારને નિયંત્રિત કરતો વૈશ્વિક કરાર અસ્તિત્વમાં આવ્યો. પ્રારંભિક તબક્કે તેમાં ૨૧ દેશોએ સહી કરી. આજે આ કરાર સાથે ૧૮૫ દેશો જોડાયેલા છે. ૧૯૭૬માં ભારતે પણ આ કરાર પર સહી કરીને વન્યજીવસૃષ્ટિના સંરક્ષણ માટેની તેની પ્રતિબદ્ધતા દાખવી.

૨૦૧૩ની ૨૦મી ડિસેમ્બરે સંયુક્ત રાષ્ટ્રસંઘે તેના ૬૮મા સત્રમાં ૩જી માર્ચને 'વિશ્વ વન્યજીવ દિન' તરીકે ઊજવવાનું નક્કી કર્યું અને તે રીતે ૩જી માર્ચ, ૨૦૧૪થી વિશ્વ વન્યજીવ દિન વિશ્વમાં ઊજવાય છે. ભારતમાં પણ આ દિવસે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દેશભરના પર્યાવરણવાદીઓ, વન્ય સંરક્ષકો, કુદરતપ્રેમી વિજ્ઞાનીઓ અને નિષ્ણાતો વ્યક્તિગત અને સામૂહિક સ્તરે વન્યજીવસૃષ્ટિ તરફ જાગૃતિ આણવાના પ્રયાસો કરે છે. અહીં એક અતિ મહત્ત્વની વાત નોંધવી જરૂરી છે કે જે સમયે વિશ્વમાં પ્રકૃતિ સંઘ દ્વારા વન્યજીવસૃષ્ટિ અને પર્યાવરણને બચાવવા માટે સંધિકરારનું આયોજન થઈ રહ્યું હતું, તે જ સમયે ભારતમાં કેટલાક પર્યાવરણપ્રેમીઓ અને વન્યજીવસૃષ્ટિ સંરક્ષકોએ ભારતનાં જંગલો અને જંગલોમાં વસતાં પ્રાણીઓને બચાવવાનું આંદોલન શરૂ કર્યું અને તેની આગેવાની લીધી હતી એમ. કે. રણજિતસિંહ ઝાલાએ.

એમ. કે. રણજિતસિંહ ઝાલા એટલે એક એવી વ્યક્તિ જેમણે એ કાળે નાશ થવાને આરે આવીને ઊભેલાં ભારતનાં જંગલો અને જંગલની જીવસૃષ્ટિને જીવતદાન આપવાનું કાર્ય કર્યું. આજે આપણે જિમ કોર્બેટમાં કે કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાનમાં વાઘને વિહરતો જોઈ શકીએ છીએ કે ગુજરાતમાં વર્ષો બાદ અત્યારે 'વાઘ'નો પગરવ સાંભળી રહ્યા છીએ અથવા તો કુનોમાં ચિત્તાનો પુનઃ વસવાટ થયો છે તેનું શ્રેય એમ. કે. રણજિતસિંહ ઝાલાને જાય છે! અલબત્ત, આજે વાઘ, સિંહ, ચિત્તા, હરણ, સાબર કે કાળિયાર જેવાં પ્રાણીઓને અનહદ પ્રેમ કરતા રણજિતસિંહ ઝાલા રાજવી પરિવારમાં જન્મ્યા હોવાથી બાળપણમાં જ તેમણે પિતા અને દાદાને વાઘ, દીપડા અને સિંહનો શિકાર કરતા જોયા હતા અને યુવાનીના પ્રારંભિક તબક્કે તો તેમણે પોતે પણ શિકાર માટે બંદૂક ઉઠાવી હતી અને લક્ષ્ય સાધ્યાં હતાં! પરંતુ જેમ જેમ તેઓ જંગલ અને વન્યસૃષ્ટિના ગાઢ પરિચયમાં આવતા ગયા તેમ તેમ શિકારવૃત્તિ તરફ ઘૃણા થતી ગઈ અને આખરે, એક તબક્કો આવ્યો કે તેમના હાથમાંથી બંદૂક સદંતર છૂટી ગઈ અને તેમણે જંગલના સંરક્ષણનું બીડું ઉપાડ્યું.

મહારાજ કુમાર રણજિતસિંહજીનો જન્મ ૧૯ ફેબ્રુઆરી, ૧૯૩૮ના રોજ વાંકાનેરના રાજવી પરિવારમાં થયો હતો. તેમના પિતા કૅપ્ટન મહારાણા રાજશ્રી પ્રતાપસિંહસાહેબ વાંકાનેરના છેલ્લા રાજવી હતા અને તેઓ ૧૯૭૧માં ભારત સરકારે અધિકૃત રીતે રાજવીઓની પદવી નાબૂદ કરી ત્યાં સુધી વાંકાનેરના રાજવીના પદે રહ્યા હતા. વાંકાનેર સમૃદ્ધ જંગલો ધરાવતું રાજ્ય હતું. વળી, રણજિતસિંહ ઝાલાનું મોસાળ મધ્યપ્રદેશ. જ્યાં દેશના ત્રીજા ભાગનાં જંગલો અસ્તિત્વ ધરાવતાં હતાં. રણજિતસિંહજી સિંહ-દીપડા અને વાઘના સગડ આપતા પગીઓની સાથે જંગલો ખૂંદતા. આ પગીઓ માત્ર પ્રાણીઓનાં પગલાંનાં નિશાન જોઈને કહી શકતા કે પ્રાણી નર છે કે માદા. એટલું જ નહીં, એ માદા ગર્ભવતી હોય તો તેના પગનાં નિશાનમાત્રથી તેઓ તેની પણ જાણકારી આપી દેતા. રણજિતસિંહે પગીઓની સાથે ફરતાં ફરતાં આ અનુભવજન્ય જ્ઞાન મેળવ્યું. સાબર, કાળિયાર, હરણ, બારાસિંગાનાં ટોળાં વચ્ચે તેઓ અનેક વાર જીપ હંકારીને જતા અને જંગલની અસીમ જીવસૃષ્ટિને માણતા. તેમની આ રોમાંચક સફરો દરમિયાન તેઓને સમજાવા લાગ્યું કે વન્યસૃષ્ટિ એટલે માત્ર સિંહ, દીપડા અને વાઘ જેવાં મોટાં જંગલી પ્રાણીઓ નહીં, પરંતુ તેમાં વસતું એક નાનકડું પતંગિયું અને ઘાસિયાં મેદાનો પણ જંગલનો અતિ મહત્ત્વનો હિસ્સો છે. જો આમાંથી કોઈ એક પણ પ્રાણીની પ્રજાતિ નાશ પામી તો સમગ્ર જંગલ પર તેની અસર વર્તાશે.

૧૯૬૧માં તેઓ ભારતીય સનદી સેવાના અધિકારી બન્યા. સ્વતંત્ર ભારતમાં રાજવી પરિવારમાંથી સનદી અધિકારી બનનાર તેઓ પહેલી વ્યક્તિ હતા. તેમણે પોતાનું પહેલું પોસ્ટિંગ મધ્યપ્રદેશનાં જંગલોમાં લીધું અને અહીંથી શરૂ થઈ તેમની વન્યજીવ સંરક્ષણવિદ અને પર્યાવરણવિદ તરીકેની એક યાત્રા. ૧૯૬૦ના દાયકામાં મધ્યપ્રદેશના કાન્હામાં બારાસિંગાની સંખ્યા ખૂબ ઘટી ગઈ હતી. જંગલના અભ્યાસીઓ એ જાણતા હતા કે હવે બહુ ટૂંકા ગાળામાં ભારતમાંથી બારાસિંગા લુપ્ત થઈ જશે. જ્યારે

રણજિતસિંહજીને આનો ખ્યાલ આવ્યો તો તેમણે આ દિશામાં નક્કર કાર્ય કરવાનું વિચાર્યું. એ સમયે કાન્હા બારાસિંગાનું ખૂબ મહત્ત્વનું નિવાસસ્થાન હતું. બારાસિંગાને વિસ્તરવા માટે વ્યાપક જગ્યાની જરૂરિયાત હોવાનું રણજિતસિંહે નોંધ્યું. દરમિયાન આ જ ગાળામાં એન્થ્રેક્સ વાઈરસનો પગપેસારો કાન્હા સુધી થયો અને જંગલી ભેંસો તથા ચિતળ જેવાં પ્રાણીઓ તેની ઝપેટમાં આવ્યાં. જો આ વાઈરસ બારાસિંગા સુધી પ્રસરે તો સ્વાભાવિક રીતે જ બારાસિંગાની જે થોડીઘણી વસતી બચી હતી તે પણ ગણતરીના દિવસોમાં મૃત્યુ પામે! આ સંજોગોમાં તાત્કાલિક ધોરણે જંગલ - કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાનની વચ્ચે વસતા આદિવાસી ગામ સોન્ફને ખાલી કરવું અનિવાર્ય બન્યું. આ કાર્ય સરળ નહોતું. ગામલોકોને પોતાનું ઘર અને જમીન છોડીને સ્થળાંતર માટે તૈયાર કરવાની જવાબદારી રણજિતસિંહજીએ જાતે ઉપાડી. તેમણે સૌને ઉત્તમ વળતરની ખાતરી આપી.

આમ, સમયસૂચકતા વાપરીને તેમણે ગામને અન્ય જગ્યાએ સ્થળાંતરિત કરાવ્યું. એટલું જ નહીં, સ્થળાંતરિત કરીને ગયેલા લોકોના પુનઃવસનની તમામ જરૂરિયાતો તેમણે ખડેપગે રહીને પૂરી કરી, જેથી જંગલના જીવને બચાવવા જતાં ગામલોકોની મુશ્કેલીઓ ન વધે. ગામ ખાલી થવાથી અને માનવહસ્તક્ષેપ દૂર થવાથી થોડા જ સમયમાં અહીં ઘાસપટ ફૂલ્યાફાલ્યા અને બારાસિંગા તેમાં મુક્ત રીતે વિચરવા લાગ્યાં. ૧૯૬૫ની આસપાસ કાન્હામાં બારાસિંગા માંડ સાઠ જેટલાં બચ્યાં હતાં, પરંતુ ઘાસપટનો વિસ્તાર થવાથી અને માનવહસ્તક્ષેપ ઘટવાથી બારાસિંગાની વસતિમાં નોંધપાત્ર વધારો થયો. માત્ર બે દાયકામાં કાન્હામાં બારાસિંગાની વસતિ ૫૦૦એ પહોંચી ગઈ ! રણજિતસિંહજીના ગામ ખાલી કરાવવાના એક નાનકડા વિચાર અને એ વિચારના આયોજનપૂર્વકના અમલે એક લુપ્ત થતી પ્રજાતિને જીવતદાન આપ્યું ! ભારતમાં વન્યજીવ માટે ગામના સ્થળાંતરની આ પ્રથમ ઘટના હતી.

૧૯૭૦માં વિશ્વના દેશો જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રાણીઓ અને વનસ્પતિઓના વ્યાપારને લઈને સંધિકરાર માટેનો મુસદ્દો ઘડી રહ્યા હતા, ત્યારે ભારતમાં વન્યજીવસૃષ્ટિના સંરક્ષણની સ્થિતિ ચિંતાજનક હતી. આ સમયે જંગલોની જાળવણી, પ્રાણીઓનાં સંરક્ષણની જવાબદારી અને શિકારના નિયમો રાજ્યોને આધીન હતા. તેમાં કેન્દ્રનો હસ્તક્ષેપ અલ્પ હતો. તેથી શિકાર અને પ્રાણીઓનાં સંરક્ષણ બાબતે દરેક રાજ્યના નીતિનિયમો ભિન્ન હતા અને મોટા ભાગનાં રાજ્યોમાં શિકારની પણ મહદ્અંશે પરવાનગી હતી. વાઘ - દીપડા અને સિંહનો ખૂબ મોટી સંખ્યામાં શિકાર થતો હતો. આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રાણીઓનાં સંરક્ષણની નીતિઓ ઘડાઈ રહી હતી, તેથી આ દિશામાં ભારતે પણ ચોક્કસ પગલાં લેવાં જોઈએ તેમ વિચારીને તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ સપ્ટેમ્બર, ૧૯૭૧માં વન્યજીવસૃષ્ટિમાં રસ ધરાવતા પર્યાવરણવાદીઓ અને વન્યસંરક્ષકોની એક મિટિંગ બોલાવી. આ સમયે રણજિતસિંહજી ભારત સરકારના ખાદ્ય અને કૃષિ મંત્રાલયમાં સેવા બજાવી રહ્યા હતા. તેઓ જુનિયર રૅન્કના હોઈ સ્વાભાવિકપણે જ તેમને આ મિટિંગમાં નિમંત્રણ ન હોય,

પરંતુ વડાપ્રધાન ઇન્દિરા ગાંધીના નાયબ સચિવ મનમોહન મલ્હોત્રા વન્યસૃષ્ટિ માટે રણજિતસિંહજીએ કરેલાં કાર્યોથી પરિચિત હતા. તેથી તેમણે રણજિતસિંહજીને પણ આ મિટિંગમાં ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ આપ્યું. મિટિંગમાં જ્યારે સહુએ પોતપોતાનો મત વ્યક્ત કરી લીધો અને જ્યારે મિટિંગમાં કોઈ નક્કર નિર્ણય ન લેવાયો ત્યારે ઇન્દિરા ગાંધીના સચિવ મનમોહન મલ્હોત્રાએ રણજિતસિંહના કાનમાં જઈને કશુંક બોલવા માટે જણાવ્યું. જાણે આ તકની રાહ જોતા હોય તેમ રણજિતસિંહજીએ ધીમા પણ મક્કમ સૂરમાં કહ્યું: 'મેડમ પ્રાઇમ મિનિસ્ટર, આપણા દેશમાં જંગલોની બાબતે એકસમાન કાયદા નથી. રાજ્યો પોતાની મનમરજી મુજબ કાયદા ઘડે છે, ઘણાં રાજ્યોમાં શિકારની પણ પરવાનગી છે. આપણે સૌથી પહેલાં જંગલને કેન્દ્ર સરકારના હસ્તગત લેવો જોઈએ અને એકસમાન કાયદો બનાવવો જોઈએ.' રણજિતસિંહજીની વાત સાંભળી મિટિંગમાં સોપો પડી ગયો, કારણ કે કોઈ પણ રાજ્ય તેનું સૌથી મલાઈદાર ખાતું કેન્દ્રને હસ્તાંતરિત કરવા તૈયાર થાય તેમ નહોતું, પરંતુ ઇન્દિરા ગાંધીને રણજિતસિંહજીની વાત સમજતાં વાર ન લાગી. તેમણે તરત જ તેનો સ્વીકાર કર્યો અને આ દિશામાં કાર્ય કરવાની જવાબદારી રણજિતસિંહજી સહિત બીજા અન્ય પ્રામાણિક અધિકારીઓને સોંપી. જેના પરિણામે 'વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨' અસ્તિત્વમાં આવ્યો. આ કાયદા અંતર્ગત શિકારના કડક નિયમો બનાવવામાં આવ્યા અને લુપ્ત થવાના આરે આવેલી પ્રજાતિઓને વિશેષ સંરક્ષણ પૂરું પાડવામાં આવ્યું. આ કાયદાએ જંગલોને વિશેષ સુરક્ષા આપી અને ભારતમાં અનેક નવાં રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યોનું નિર્માણ થયું. આઝાદી વખતે ભારતમાં વાઘની સંખ્યા ૪૦,૦૦૦ હતી, પરંતુ વ્યાપક પ્રમાણમાં શિકારને કારણે ૧૯૭૦માં વાઘની સંખ્યા માત્ર ૨૦૦૦ થઈ ગઈ હતી. વાઘની વસતિ પુનઃ સ્થાપિત કરવા માટે વન્યજીવ સંરક્ષક કૈસાલ સાંખલા અને રણજિતસિંહજીએ સાથે મળીને ૧૯૭૩માં 'પ્રોજેક્ટ ટાઇગર' લૉન્ચ કર્યો. જેના શુભ પરિણામો થોડા જ સમયમાં દેશને મળ્યાં. આ ઉપરાંત તેમણે ૧૯૭૫થી ૧૯૮૦ દરમિયાન 'યુનાઇટેડ નૅશન્સ એન્વાયરન્મેન્ટ પ્રોગ્રામ' માટે વરિષ્ઠ સલાહકારની ભૂમિકા ભજવી. તેમણે ઇન્ડોનેશિયા, મલેશિયા, શ્રીલંકા, થાઇલૅન્ડ, બાંગ્લાદેશ જેવા એશિયાઈ દેશોમાં પ્રકૃતિ સંરક્ષણ મજબૂત કરવા માર્ગદર્શન આપ્યું છે. તેમણે Convention on International Trade in Endangered Species of Wild Fauna and Flora(CITES)ના પર્યાવરણના સંરક્ષણના નિયમો ઘડવામાં મુખ્ય ભૂમિકા ભજવી. જેણે ભારતનો અવાજ વૈશ્વિક પર્યાવરણીય ચર્ચામાં મજબૂત બનાવ્યો. તેમના નેતૃત્વમાં ભારતમાં ૯ રાષ્ટ્રીય ઉદ્યાનો અને ૧૪ અભયારણ્યો બનાવવામાં આવ્યાં.

ડૉ. એમ. કે. રણજિતસિંહ ઝાલાએ ભારતીય વન્યજીવન અને એના સંરક્ષણ અંગે 'ધ ઇન્ડિયન બ્લૅક બક', 'લાઇફ વિથ વાઇલ્ડલાઇફ', 'બિયોન્ડ ધ ટાઈગર : પૉર્ટ્રેટ્સ ઑફ એશિયન વાઇલ્ડલાઇફ', 'માઉન્ટેન મેમલ્સ ઑફ ધ વર્લ્ડ' જેવાં ઉત્તમ પુસ્તકો લખ્યાં છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક ઍવૉર્ડ મેળવનાર રણજિતસિંહને ૨૦૧૪માં વન્યજીવનનાં સંરક્ષણ માટે લાઇફટાઇમ એચીવમેન્ટ ઍવૉર્ડ મળ્યો છે.

ટૅક્નૉલૉજી

# એઆઈમાં ભારત : નવી સિદ્ધિ, નવા પડકાર

**હર્ષ મેસવાણિયા**

૨૦૨૨માં એઆઈ ચૅટબોટ ચૅટજીપીટી આવતાં એણે વિશ્વભરમાં ન કેવળ ચર્ચા જગાવી, પરંતુ તેનાથી ટૅક્નૉલૉજીનો આખો પ્રવાહ પલટાઈ ગયો. આનાથી તમામ મોટી કંપનીઓનું ધ્યાન એઆઈ પર આવી ગયું. એમાંય ગૂગલ, મેટા, માઈક્રોસૉફ્ટ, ઓપનએઆઈ, ઍન્થ્રૉપિક વચ્ચે તો એઆઈમાં આગળ વધી જવાની સ્પર્ધા શરૂ થઈ ગઈ. તેના પરિણામે જેમિનાઈ, ગ્રોક, ક્લાઉડ, પરપ્લેક્સિટી, ડીપસીક જેવાં એઆઈ ટૂલ્સ દુનિયાને મળ્યાં. ખાસ તો જુદી જુદી સુવિધા પ્રમાણે સર્વિસ એઆઈ એજન્ટના યુગનો પ્રારંભ થયો.

નવી નવી કંપનીઓએ પણ એઆઈનાં સંશોધનો શરૂ કર્યાં. એઆઈને ધ્યાનમાં રાખીને સેંકડો સ્ટાર્ટઅપ્સ આવ્યા અને તેના પરિણામે અસંખ્ય ટૂલ્સ વપરાશકારને પ્રાપ્ત થયાં. ડિઝાઈનર એઆઈ એજન્ટના સર્જનને પણ દિશા મળી. આપણે જે પ્રકારનું કામ કરતા હોઈએ, એ પ્રકારનાં એઆઈ ટૂલ્સ બનાવી દેનારી કંપનીઓ બજારમાં આવી અને તેના પરિણામે ચૅટબોટ્સની આખી દુનિયા જ સમૂળગી બદલાઈ ગઈ.

આ બધાના પરિણામે દુનિયામાં એઆઈ વપરાશકારોનો આંકડો ઝડપભેર વધ્યો. દુનિયામાં ૬૦૦ કરોડ ઇન્ટરનેટ વપરાશકારોમાંથી ૧૧૦ કરોડ એઆઈ વપરાશકારો છે. આગામી ચાર વર્ષમાં જગતમાં ૩૦૦ કરોડ એઆઈ વપરાશકારો હશે. આજની તારીખે દરરોજ એઆઈ ટૂલ્સને ૨૫૦ કરોડ પ્રૉમ્પ્ટ મળે છે. એટલે કે એઆઈને જુદા જુદા ૨૫૦ કરોડ ટાસ્ક આપવામાં આવે છે. રસપ્રદ વાત એ છે કે ૨૫૦ કરોડ ટાસ્કમાંથી ૧૩૨ કરોડ ટાસ્ક તો એના વપરાશકર્તાની અપેક્ષા પ્રમાણે પૂરા થાય છે.

એઆઈના આવા વધતા દબદબા વચ્ચે સેંકડો લોકોની નોકરીઓ પર ખતરો મંડરાઈ રહ્યો હોવાની ભીતિ વ્યક્ત થાય છે. વર્લ્ડ ઇકૉનૉમિક ફોરમે ચિંતા વ્યક્ત કરતાં થોડા સમય પહેલાં કહેલું કે ૨૦૨૭ સુધીમાં વિશ્વમાં આઠ કરોડ લોકોને એઆઈ રિપ્લેસ કરી દેશે. તે સિવાય એઆઈના કારણે સાતેક કરોડ લોકોની નોકરીનો પ્રકાર બદલાઈ જશે. એઆઈ ટૅક્નૉલૉજી શીખી લેશે તેમની નોકરી ટકી રહેશે, પરંતુ આ માટે પણ તેમણે તેમની સ્કિલમાં મોટો ફેરફાર કરવો પડશે. બીજી ઘણી એજન્સીઓ તો આ આંકડો ૩૦ કરોડ સુધી જાય તેવી શક્યતા વ્યક્ત કરે છે.

એક તરફ એઆઈ વપરાશકર્તા વધી રહ્યા છે, એઆઈ ટૂલ્સનો કુતૂહલથી ઉપયોગ કરીને નવા ફોટો-વીડિયો ક્રિએટ કરે છે. બીજી તરફ એઆઈથી નોકરીઓ ખતરામાં મુકાઈ છે ને ત્રીજી તરફ એઆઈ અને માનવજાત વચ્ચે સંતુલન જાળવીને સેફ મૉડલો સર્જવાની હિમાયત થઈ રહી છે. આમ આજે ત્રિભેટે ઊભા હોઈએ તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ૨૦૨૪માં બ્રિટનમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના પ્રયાસોથી એઆઈ કૉન્ફરન્સ મળી

હતી. ૨૦૨૫માં ફ્રાન્સમાં એઆઈ સમિટ યોજાઈ હતી. એ બંને એઆઈ સમિટમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. એઆઈ પર નિયંત્રણ મૂકવાની હિમાયત થઈ હતી. જો આટલી બધી નોકરીઓ જશે તો દુનિયામાં કેવી અંધાધૂંધી સર્જાશે તે દિશામાં એ એઆઈ સમિટમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. બધા દેશોને એઆઈ માટે પૉલિસી બનાવવાની ભલામણ થઈ હતી.

હવે એ પ્રકારની એઆઈ સમિટ ભારતમાં યોજાઈ ગઈ અને એમાં એઆઈ પર નિયંત્રણ મૂકવાને બદલે એઆઈને માનવઉપયોગી બનાવવાની ભલામણ થઈ છે. આ ખૂબ મહત્ત્વનું પરિવર્તન છે. ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ-૨૦૨૬ તે રીતે મહત્ત્વની બની રહી. ભવિષ્યમાં તેને આ રીતે યાદ કરવામાં આવે તો નવાઈ નહીં. ભારતમાં યોજાયેલી એઆઈ સમિટમાં એક તરફ ૨૦થી વધુ દેશોના વડાઓ હાજર રહ્યા. ૧૦૦થી વધુ દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો ને વૈશ્વિક એઆઈ કંપનીના ટોચના બે ડઝનથી વધુ સીઈઓ આવ્યા. તેમણે તેમની વાત મૂકી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માનવજાતને ઉપયોગી એઆઈ ટૅક્નૉલૉજી વિકસાવવા પર ભાર મૂક્યો તે મુદ્દો આખી સમિટનો મધ્યવર્તી વિચાર બની રહ્યો. દુનિયાભરની એઆઈ કંપનીના સીઈઓ, ટૅક્નો-એક્સપર્ટ્સ એ બાબતમાં સંમત થયા કે એઆઈથી નોકરીઓ ગુમાવવાનો ડર રાખ્યા વગર તેનો લોકકલ્યાણ માટે ઉપયોગ થાય તે વિચારવું જોઈએ. એવાં એઆઈ મૉડલો સર્જવાં જોઈએ કે જે આપણા રોજિંદા કામમાં સહયોગી બને, આપણા સ્પર્ધક ન બને. આપણું કામ તેનાથી વધારે બહેતર બને, આપણું કામ આંચકી લે એવું ન થાય. સંતુલિત માર્ગ પસંદ કરવો જોઈએ.

ભારતમાં જે રીતે એઆઈ ટૅક્નૉલૉજી સ્વીકારવામાં આવી છે, તેની દુનિયાભરના નેતાઓએ પ્રશંસા કરી. ભારતીયોનો એઆઈ ટૅક્નૉલૉજીને લઈને જે સકારાત્મક અભિગમ છે તે તેમને સ્પર્શી ગયો. કેટલાય સીઈઓના ભાષણમાં પણ એ મુદ્દો આવ્યો કે ભારતીય વપરાશકર્તાઓમાં એઆઈથી નોકરી ગુમાવવાનો ડર સૌથી ઓછો જોવા મળે છે. ભારતીય વપરાશકર્તા એઆઈ ટૂલ્સનો ઉપયોગ કરવામાં બહાદુરી બતાવે છે. ભારતીય વપરાશકર્તા એઆઈને સહાયક ગણીને કામ લે છે. ભારતના એઆઈ મિશનનાં વખાણ થયાં. ભારતમાં આગામી વર્ષોમાં એઆઈ ડેટા સેન્ટર્સ બનશે. એઆઈના ક્ષેત્રમાં વિદેશી રોકાણ આવશે. આપણા દેશમાં એઆઈના વ્યાપક વપરાશકર્તા હોવાથી વેપારક્ષેત્રે અપાર શક્યતા છે એ વાત તો ખરી. વિશ્વની ટોચની કંપનીઓને આથી જ ભારતમાં રસ પડ્યો છે, કારણ કે ભારત સૌથી મોટું એઆઈનું વપરાશકર્તા બનવાની શક્યતા ધરાવે છે. કેન્દ્ર સરકારે આ એઆઈ સમિટના કારણે જ દેશમાં ૨૫૦ અબજ ડૉલરનું રોકાણ મળશે એવી આશા વ્યક્ત કરી. ઘણી વિદેશી કંપનીઓના સ્વદેશી એઆઈ કંપનીઓ સાથે કરાર થશે. વિદેશી ધન અને દેશી દિમાગનો સંયોગ થશે.

ભારતીય કંપનીઓ, ભારતીય સંશોધકો ઝડપભેર સ્વદેશી એઆઈ મૉડલો વિકસાવવા મથામણ કરી રહ્યા છે અને એમાંથી ઘણા સ્ટાર્ટઅપ્સને સફળતા પણ મળી

છે. કેટલાંય ભારતીય એઆઈ ટૂલ્સે દિલ્હીમાં એઆઈ સમિટ પહેલાં યોજાયેલા એઆઈ એક્સપોમાં પણ ધ્યાન ખેંચ્યું. ભારતીય વપરાશકારોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સલામત મૉડલો ભારતીય કંપનીઓએ બનાવ્યાં છે. ભારતના એઆઈ ઘોષણાપત્રમાં ૭૦ દેશોએ સહી કરી. તેનો અર્થ એ કે ભારતે 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ના એઆઈ મૉડલની હિમાયત કરી તેને વૈશ્વિક સમર્થન મળ્યું. ભારતના માનવીય અભિગમ ધરાવતા એઆઈ એજન્ટ્સની ખરા અર્થમાં અત્યારે વિશ્વને જરૂર છે. તેનાથી અસંખ્ય લોકો પર મંડરાતો નોકરી ગુમાવવાનો ખતરો તો ઘટશે, તે સાથે એઆઈ સહાયકની દિશા ખૂલશે. નોકરી-ધંધા એઆઈની મદદથી વધારે બહેતર બનશે.

ભારતમાં ૯૬ કરોડ ઇન્ટરનેટ વપરાશકર્તા છે અને એમાંથી ૬૦ કરોડ વપરાશકર્તા તો કોઈ ને કોઈ એઆઈ એપમાં લોગઇન કરી ચૂક્યા છે. દેશમાં ચૅટજીપીટીના સાપ્તાહિક વપરાશકર્તાનો આંકડો જ ૧૦ કરોડને પાર પહોંચે છે. આવી સ્થિતિમાં પાછળ ન રહી જવાય એટલે વૈશ્વિક સ્તરની એઆઈ સમિટ દેશમાં યોજાય તે સમયસરનું પગલું તો ગણાય, પરંતુ તેની સાથે એ પણ એટલું જ જરૂરી છે કે 'ભારત માત્ર સૌથી વધુ એઆઈ વપરાશકર્તા ધરાવતો દેશ' - એવી ઓળખમાં કેદ ન થઈ જાય.

ભારતમાં એઆઈ સમિટ યોજાઈ તેનાથી વૈશ્વિક સ્તરે એવો સ્પષ્ટ સંદેશો સહુને મળ્યો કે ભારત એઆઈની ટૅક્નૉલૉજીને સ્વીકારવા, એમાં રોકાણ મેળવવા, વિશેષ આવિષ્કાર કરવા માટે પૂરેપૂરું સજ્જ છે. તેનાથી દેશમાં નવી તકો સર્જાઈ શકે છે. એઆઈના સેક્ટરમાં નોકરીઓ સર્જાશે, એની સાથે વપરાશકર્તા પણ વધશે, પરંતુ આપણે કેટલાક સવાલોના જવાબો મેળવવાના હજી બાકી છે. માત્ર વપરાશકર્તા વધે એનાથી કામ પૂરું નહીં થાય. વિદેશી ટૅક્નૉલૉજીના વપરાશકર્તા બનીએ તો ફાયદો વિદેશી કંપનીઓને થવાનો છે. ભારતે એઆઈ ઇનૉવેશનની ધાર કાઢવી પડશે. આપણાં એઆઈ ટૂલ્સ ભારતીય વપરાશકર્તા તો મેળવે જ, સાથોસાથ વિદેશી વપરાશકર્તા પણ મેળવે. એ સાચી રીતે જમાના સાથે તાલ મિલાવ્યો ગણાશે.

બીજો એક મુદ્દો પણ વિચારવા જેવો છે. ભારતમાં એઆઈ ટૅક્નૉલૉજીને ઉત્તેજન મળશે તેની સામે વીજળીની જરૂરિયાત વધશે. ભારત અત્યારે ગ્રીન એનર્જી વધારવા અભૂતપૂર્વ પ્રયાસો કરે છે. જો એમાં ધારણા પ્રમાણેની વીજળી ઉત્પન્ન થશે તો કદાચ એઆઈ માટે જરૂરી વીજળી એમાંથી મળી રહે એમ બને. જો એવું ન થાય તો વીજળીની અછતનું ગંભીર જોખમ છે. અત્યારે પણ ઉનાળા દરમિયાન ઘણાં રાજ્યોમાં વીજકાપની ફરિયાદ ઊઠે છે. એઆઈથી વીજળીની અછત વધશે તો આ ફરિયાદ પણ વધી શકે. ભારતમાં એઆઈના ડેટા સેન્ટર્સ બને તેવો માહોલ સર્જાયો છે, પરંતુ તેની પાછળ પાણીની પણ એટલી જ મોટી જરૂરિયાત પડશે.

હવે જ્યારે એઆઈ સમિટના ભાષણનો શોર શમી ગયો છે ત્યારે આપણે વિચારવું પડશે કે વીજળી અને પાણી જેવા સ્રોત માટે આપણે સજ્જ હોઈએ તો જ એઆઈના ઘોડે સવાર થવા જેવું છે, નહીંતર આ ઘોડો રફતાર પકડી લેશે પછી આપણે નીચે નહીં ઊતરી શકીએ.




# એન્જૉયગ્રાફી

## રતિલાલ બોરીસાગર

થોડાં વરસ પહેલાં મેં ‘અથ માંદગી-મહિમા’ નામનો લેખ લખેલો. એ લેખમાં મેં પ્રભુને પ્રાર્થના કરેલી કે ‘હે પ્રભુ ! જેમાં બાદશાહી આરામ સુલભ હોય એવી એકાદ ભવ્ય માંદગી મને આપો !’ પ્રભુએ બહુ લાંબા સમય સુધી આ અંગે કશી કાર્યવાહી કરી નહિ એટલે મેં માન્યું કે મારી અરજી પ્રભુએ ફાઈલ કરાવી દીધી હશે. આમ છતાં, આરામદાયી માંદગી માટેની મારી ઝંખના શમી નહિ. જુદી જુદી માંદગીઓમાં લોકોને શાહીઆરામ ફરમાવતાં જોઈ મને એમની બહુ ઈર્ષા થતી. આટલા બધા લોકોની ખબર કાઢવા જવાના થાકથી જ માણસ માંદો પડી જાય ! પણ જુદા જુદા લોકોની ખબર કાઢવા જવાને કારણે મારે વારંવાર અને ઠીક ઠીક પ્રમાણમાં ચાલવાનું થતું. આ વ્યાયામને કારણે મારું શરીર ઊલટું વધુ સારું થયું. અમારા એક મિત્ર તો કોઈની પણ ખબર કાઢવા જાય છે તો એની માંદગીનો ચેપ લઈને જ આવે છે. મને તો ક્યારેય આ રીતની ઉછીની લીધેલી માંદગીનો લહાવો પણ મળ્યો નહોતો !

– પણ એક દિવસ મારે આંગણે સોનાનો ચંદ્ર ઊગ્યો – એક રાત્રે મને છાતીમાં દુખવા માંડ્યું. (સ્પષ્ટતા : લોકોને સોનાનો ‘સૂરજ’ ઊગતો હોય છે, પણ મારી માંદગીનો શુભારંભ રાત્રે થયો એટલે સોનાનો ‘ચંદ્ર’.) હૃદય આનંદવિભોર બની ગયું. આરામદાયી માંદગીની ઝંખના મેં હૃદયથી કરી હતી. હૃદયની ઝંખના હૃદયના જ રોગથી પૂરી થાય એ તો અત્યંત શુભસંયોગ કહેવાય. પ્રિયા માટે જાન કાઢી દેનારાનાં નામ અમર થઈ ગયાં છે – ‘ધ ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ’ની શ્રેણી વહેલી શરૂ થઈ હોત તો લયલા-મજનૂ, શીરી-ફરહાદ, હીર-રાંઝા વગેરેનાં નામ એમાં અવશ્ય નોંધાતાં હોત, પણ માંદગી માટે જાન કાઢી દેવા હજુ કોઈ તૈયાર થયાનું સાંભળ્યું નથી. એટલે મહાભારતના યુદ્ધમાં અર્જુન માટે જેમ બંને બાજુ લાભ હતો – જીતે તો પૃથ્વીનું રાજ્ય મળે અને મરે તો સ્વર્ગ મળે – એમ માંદગીને કારણે મારેય બંને બાજુ લાભ હતો – હૃદયરોગના હુમલા પછી જીવી જાઉં તો જિંદગીભર બાદશાહી આરામ મળે અને એમાં ખપી જાઉં તો પ્રિયાને ઝંખતા પ્રેમીની પેઠે ઝંખીને માંદગી મેળવનાર તરીકે ‘ધ ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ’માં મારું નામ અમર થઈ જાય ! એટલે હૃદયરોગની સંભાવનામાત્રથી હું પ્રસન્ન પ્રસન્ન થઈ ગયો.

જે રાત્રે છાતીમાં દુખ્યું એના પછીની સવારે ઘણો વહેલો હું બાજુમાં જ રહેતા અમારા ફૅમિલી ડૉક્ટરને ઘેર પહોંચી ગયો. ડૉક્ટર હજુ હમણાં જ ઊઠ્યા હતા. ઊઠતાંવેંત મારું મુખદર્શન કર્યા પછી એમનો દિવસ કેવો જશે એ વિચારે મને થોડી ચિંતા થઈ. મેં ડૉક્ટરને કહ્યું, ‘સાહેબ, રાત્રે છાતીમાં બહુ દુખતું હતું.’ જોકે ‘બહુ દુખતું હતું’

એમ કહેવું એ સાવ સાચું નહોતું, પણ વિશેષણોનો ઉપયોગ કર્યા વગર વાત કરવાનું મને ફાવતું નથી. છાતીમાં દુખાવાની વાત સાંભળી ડૉક્ટર થોડા ગંભીર થઈ ગયા. એમણે કહ્યું, 'છાતીમાં ? મને રાત્રે ને રાત્રે બોલાવી લેવો જોઈતો હતો.' ડૉક્ટરની વાત સાંભળી મારા હૃદયમાં ગંભીર અને લાંબી માંદગીની આશા જન્મી. મેં કહ્યું, 'હવે જીવી જઈશ તો અવશ્ય એમ કરીશ.' આમાં મરી જવાની વાત ક્યાં આવી એ ડૉક્ટરને સમજાયું નહિ, પણ એ અંગે વધુ કશું ન કહેતાં તેઓ બોલ્યા, 'ચાલો, આપણે દવાખાને જઈએ. તમે મારા સ્કૂટર પર બેસી જાવ.'

'હું સ્કૂટર લાવ્યો છું.' મેં કહ્યું.

'ના, હવે જ્યાં સુધી પાકું નિદાન ન થાય ત્યાં સુધી સ્કૂટર નહિ ફેરવવાનું. તમારા સનને મોકલી સ્કૂટર મગાવી લેજો. દવાખાનેથી રિક્ષામાં ઘેર જજો.' ડૉક્ટરે વધુ ગંભીર થઈને કહ્યું. 'શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે વીતી ગઈ છે રાત' એવી કવિ નર્મદને 'ગુજરાત' વિશે થઈ હતી એવી લાગણી મને 'માંદગી' વિશે થઈ. કાયમ હડિયાપાટી કરતા રહેવાની કાલરાત્રિ પૂરી થઈ છે અને હવે આરામનું મધ્યાહ્ન શોભશે એવી આશા આપતાં શુભ શુકન મને દેખાવા માંડ્યાં.

દવાખાનું બહુ દૂર નહોતું. દવાખાને પહોંચ્યા પછી ડૉક્ટરે મને ટેબલ પર સુવડાવ્યો અને ગંભીર મુખમુદ્રા સાથે એમણે તપાસ આરંભી. પહેલાં મારું બ્લડપ્રેશર માપ્યું. પછી સ્ટેથોસ્કોપ મૂકી મારા હૃદયના ધબકારા ઝીલ્યા. પછી છાતીમાં જુદી જુદી જગ્યાએ દબાવ્યું : 'અહીં દુખતું હતું ?' 'અહીં ?', 'અહીં ?' કોઈ વાર મને લાગ્યું કે ડૉક્ટર જ્યાં જ્યાં દબાવે છે ત્યાં ત્યાં દરેક જગ્યાએ મને દુખતું હતું તો કોઈ વાર એમ લાગ્યું કે એમાંની એક પણ જગ્યાએ દુખતું નહોતું ! આ પરિસ્થિતિમાં કઈ જગ્યાએ દુખતું હતું અને કઈ જગ્યાએ નહોતું દુખતું એનો નિર્ણય કરવાનું મારા માટે અત્યંત કઠિન હતું. આમ છતાં, ડૉક્ટરની મહેનત સાવ એળે ન જાય એ માટે ૨:૧ના પ્રમાણમાં મેં હા અને ના પાડી.

(ક્રમશઃ)

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની યૂટ્યૂબ ચૅનલ પર દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

માર્ચ મહિનામાં ૧લી માર્ચે 'આજના જમાનાનો ચતુર કાગડો', ૧૫ માર્ચે 'સમયની કદર' અને ૨૯ માર્ચે 'હુન્નરની કમાલ' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૮ માર્ચે 'જેવા સાથે તેવા' અને ૨૨ માર્ચે 'ગયા તે ગયા' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

તવારીખ

# આપણો ભાવિ દુશ્મન બોલી રહ્યો છે!


**કુમારપાળ દેસાઈ**

સરદાર વલ્લભભાઈ પટેલના અંતિમ પત્રની ઘોર ઉપેક્ષાનું ઘણું મોટું મૂલ્ય ભારતને ચૂકવવું પડ્યું. ૧૯૫૦ની ૭મી નવેમ્બરે સરદાર વલ્લભભાઈ પટેલે વડાપ્રધાન પંડિત નહેરુને લખેલા પત્રનું સ્મરણ થાય છે. એમણે લખ્યું, 'આપણી સંરક્ષણ અંગેની જરૂરિયાતોની લાંબા ગાળાની વિચારણા માટે મારી અંગત લાગણી એવી છે કે આપણે શસ્ત્રો, દારૂગોળો અને બખ્તરિયાં વાહનોનો પુરવઠો પાકો નહીં કરીએ, તો આપણે આપણી સંરક્ષણ-નીતિ કાયમને માટે નબળી બનાવી દઈશું અને પશ્ચિમ તથા વાયવ્યમાંથી અને ઉત્તર તથા ઈશાનમાંથી એમ બંને મુશ્કેલીઓના બેવડા જોખમનો સામનો કરવા શક્તિમાન નહીં થઈએ.'

૧૯૫૦ની ૭મી નવેમ્બરે લખાયેલા આ શબ્દો એ માત્ર ગૃહપ્રધાને વડાપ્રધાનને લખેલા શબ્દો નથી, બલ્કે દેશના ગૃહપ્રધાન સરદાર પટેલના પારાવાર વેદના સાથે આસપાસની પરિસ્થિતિનાં ભાવિ પરિણામો વિશે લખાયેલા આ શબ્દો છે. આઝાદ ભારતની આઝાદીને છીનવી લે એવા ચીન અને પાકિસ્તાનના પેંતરાઓએ સરદાર વલ્લભભાઈ પટેલને એટલા બધા વ્યથિત કરી દીધા હતા કે એમણે પંડિત નહેરુને જલદીથી મળવાની ઇચ્છા વ્યક્ત કરી. એ સમયે સરદાર વલ્લભભાઈ પટેલની તબિયત ઘણી લથડેલી હતી. હૃદય નબળું પડવા લાગ્યું હતું, આંતરડાનો દુઃખાવો વધતો જતો હતો, થોડો શ્રમ લે પછી તેઓ થાકીને લોથપોથ થઈ જતા હતા. સરદારપુત્રી મણિબહેનની ડાયરીમાં સરદારના કથળેલા સ્વાસ્થ્ય વિશે વારંવાર ઉલ્લેખો મળે છે. ક્યારેક તો પોણો કલાક જેટલો સમય સરદારને શૌચાલયમાં બેસવું પડતું હતું. આવે સમયે એમણે દેશમાં દાવાનળ સળગાવનારી સરહદ પારનાં ષડ્યંત્રો વિશે પંડિત નહેરુને જાણ કરવાનો વિચાર કર્યો.

રાષ્ટ્રના સંરક્ષણ અંગે કેટલાંક તાત્કાલિક પગલાં ભરવાની એમની ઇચ્છા હતી અને અન્ય પ્રશ્નો અંગે પણ ઝડપી તપાસનો આદેશ આપવા ચાહતા હતા, પરંતુ ૭મી નવેમ્બરના આ પત્ર પછી પંડિત નહેરુ સાથે તાત્કાલિક મુલાકાત શક્ય બની નહીં અને જ્યારે મુલાકાત શક્ય બની, ત્યારે પંડિત નહેરુ એમની તબિયતના ખબર-અંતર પૂછવા માટે જ મુલાકાતે આવતા હતા.

સરદાર વલ્લભભાઈ પટેલ ગૃહપ્રધાન હતા, પરંતુ વિદેશનીતિનું સૂત્રસંચાલન નહેરુ પાસે હોવાથી તેઓ સક્રિય પગલાં લઈ શકે તેમ નહોતા, આથી વિદેશનીતિની બાબતમાં કશો ચંચુપાત કે ટીકાટિપ્પણ કરતા નહીં, પણ જ્યારે એમ લાગે કે પારકા દેશો દેશની સુરક્ષા પર ગંભીર ખતરારૂપ છે, ત્યારે દેશના આ ગૃહપ્રધાન વડાપ્રધાન નહેરુને પત્ર દ્વારા જાણ કરતા હતા.




અગાઉ ૩૦મી ઑક્ટોબરે અમદાવાદમાં આપેલા એક પ્રવચનમાં વલ્લભભાઈએ વિદેશીઓનાં 'આક્રમણ' શબ્દ વાપર્યો, ત્યારે આખા દેશની આંખ ઊઘડી ગઈ. ભારત-ચીનની મૈત્રીમાં માનનારાઓ અને સામ્યવાદીઓને વલ્લભભાઈનો આક્રમણ શબ્દ પસંદ પડ્યો નહીં. એ સમયે દેશમાં ચોતરફ 'હિંદી-ચીની ભાઈ-ભાઈ'નો નારો બુલંદી પર હતો. ભારત અને ચીન વચ્ચે નાના ભાઈ અને મોટા ભાઈની દોસ્તીનાં ચોમેર ગુણગાન ગવાતાં હતાં. પંડિત નહેરુ અને ચીની નેતાઓની મુલાકાતથી બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધનાં યશોગાન કરવામાં આવતાં હતાં.

બીજી બાજુ દેશના ઇતિહાસમાં ભારતને એ સમયે એની ઉત્તર સરહદ વિશે ચિંતા રહેતી નહોતી. એનું એક કારણ નગાધિરાજ હિમાલયની મોટી દીવાલ હતી. તો બીજું કારણ શાંતિપ્રિય એવો પડોશી દેશ તિબેટ હતું. ઈ. સ. ૧૯૧૪માં ભારતે તિબેટ સાથે એક કરાર કર્યો હતો અને એને કારણે બંને દેશો વચ્ચે સરહદી અને વ્યાપારી સમજણોને આધારે કામ ચાલતું હતું. પડોશી દેશ તરીકે તિબેટને બદલે ચીન હોય તો શું થાય, એનો એ વેળાએ પણ સરદાર પટેલને અંદાજ હતો. તિબેટમાં અમેરિકાનો અને ઇંગ્લૅન્ડનો પગપેસારો થઈ રહ્યો છે તેવો કાલ્પનિક ભય ઊભો કરીને ચીન તિબેટ પર આધિપત્ય મેળવવા પેંતરો રચી રહ્યું છે એની સરદારને ગંધ આવી ગઈ હતી અને એમણે ભારત સરકારને એનાથી વાકેફ પણ કરી હતી.

ચીનની છૂપી વિસ્તારવાદી મહત્ત્વાકાંક્ષાઓનો સરદાર પટેલને પાકો ખ્યાલ હતો. હિમાલયના ભારત તરફના ઢોળાવ સુધી પહોંચીને આસામના અગત્યના ભાગોમાં એને ઘૂસણખોરી કરવી હતી. આ સમયે ચીનમાં કાર્યરત એવા ભારતના રાજદૂત પણ ચીનના આક્રમણને ઓળખવાને બદલે 'મોટા ભાઈ' પ્રત્યે આદર દર્શાવવામાં વ્યસ્ત હતા. એ ચીનને ભારત સાથેની એની ગાઢ મિત્રતાની ખાતરી કરાવવા ભારત વતી સતત પ્રયાસ કરતા હતા ! તિબેટમાં ચીની સૈન્યની ઉપસ્થિતિ સામેનો ભારતનો વિરોધ ચીને તોછડા શબ્દો વાપરીને સાવ ઉડાવી દીધો, ત્યારે સરદારનું ખમીર અને સ્વાભિમાન બંને ઘવાયાં. ભારતના અભિપ્રાયનો આવો તુચ્છતાભર્યો અનાદર ! આ સમયે ચીનના સાચા રૂપને ઓળખાવતાં એમણે કહ્યું કે, 'આ કોઈ આપણો મિત્ર નહીં, પણ ભાવિ દુશ્મન બોલી રહ્યો છે.'

સરદારના આ શબ્દો ચીન સાથે મૈત્રીના મધુરા સંબંધો જોનારાઓને આંચકો આપનારા લાગ્યા અને સરદાર પ્રત્યેનો સામ્યવાદીઓનો દુર્ભાવ વધુ ને વધુ પ્રગટ થવા લાગ્યો. સરદારે પંડિત જવાહરલાલ નહેરુને લખેલા પત્રમાં તિબેટના પ્રશ્ન વિશેની પોતાની ચિંતા નિખાલસ રીતે પ્રગટ કરી હતી. આપણી સરહદના દરવાજા સુધી થયેલા ચીનના વિસ્તારને કારણે ઉત્તર સરહદે ઊભા થનારા નવા પ્રશ્નો તરફ અંગુલિનિર્દેશ કરતાં સરદારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'સામ્યવાદી ચીન એની પોતીકી મહત્ત્વાકાંક્ષાઓ



અને હેતુઓ રાખે છે અને ભારત તરફ કોઈ પ્રકારે મૈત્રીભાવ ધરાવતું હોય એવું જણાતું નથી.'

સરદારે એમ પણ કહ્યું કે, 'સરહદના સંરક્ષણની સઘળી રચનાઓ અને યોજનાઓ પાકિસ્તાનને લક્ષમાં રાખીને કરી હતી, પરંતુ હવે ઉત્તર અને ઈશાનમાં ચીનને લક્ષમાં રાખીને પણ દેશની સરહદોના સંરક્ષણનો વિચાર કરવો જોઈએ.'

દુર્ભાગ્યે સરદારની દીર્ઘદૃષ્ટિ કોઈને સમજાઈ નહીં. આજે એમ લાગે છે કે, એમની વાત કાને ધરી હોત તો દેશનો ઈતિહાસ વધુ ઊજળો બન્યો હોત. આનું કારણ એટલું જ કે ચીને ૧૯૫૩માં તિબેટમાં સામ્યવાદી શાસનની સ્થાપના કરી. ૧૯૫૯માં તિબેટી પ્રજાએ ચીની શાસન સામે કરેલા બળવાને કચડી નાખ્યો અને દલાઈ લામાએ તિબેટ છોડી ભારતમાં રાજ્યાશ્રય લીધો. સમય જતાં ચીનનો ડ્રેગન આખેઆખા તિબેટને ગળી ગયો. તિબેટ પરના આક્રમણ સમયની સરદાર પટેલની એ ચેતવણી સમજવામાં આપણે નિષ્ફળ ગયા.

૧૯૫૦ના સાતમી નવેમ્બરના પત્રમાં સરદાર પટેલે ચીનના ઈરાદાઓનો જે ઉલ્લેખ કર્યો હતો, તે પાંચ વર્ષ કરતાં પણ ઓછા સમયમાં ૧૯૫૫માં હકીકત બન્યો. એ વર્ષે ઉત્તરપ્રદેશના બારાહોતીમાં પ્રવેશ કરીને ચીને ઘૂસણખોરીનો પ્રારંભ કર્યો અને એ પછી ૧૯૬૨ સુધીમાં ભારતનાં જુદાં જુદાં ૩૦ સ્થળોએ જુદી જુદી દિશામાંથી આવીને ચીને ઘૂસણખોરી કરી.

૧૯૬૨ની આઠમી સપ્ટેમ્બર ભારતની સરહદ પાર કરીને ચીને પ્રથમ વાર આક્રમણ કર્યું ત્યારે બાર વર્ષ પૂર્વે સરદારે આપેલી ચેતવણીનું સહુને સ્મરણ થયું. એ સમયે ૧૯૫૦માં સરદારે કહ્યું હતું કે ચીનની સરહદે સંરક્ષણ કરવા માટે નવી સજ્જતા કેળવવી પડશે, એનો ખ્યાલ તો ત્યારે આવ્યો કે જ્યારે ભારતે ૧૯૬૨ના આ યુદ્ધમાં ભારે ખુવારી ભોગવી, એટલું જ નહીં; પણ પર્વતીય યુદ્ધના બિનઅનુભવને કારણે, જરૂરી સાધનસામગ્રીના અભાવને લીધે તેમજ કાતિલ ઠંડીને લીધે ભારતને નાલેશીભરી પીછેહઠ કરવી પડી. નેપાળ, લદ્દાખ જેવા વિસ્તારો પર ચીને આધિપત્ય મેળવવા પ્રયાસ કર્યો. વડાપ્રધાન પંડિત નેહરુને આ દગાબાજીનો ઊંડો આઘાત લાગ્યો. આખરે અમેરિકાએ વિમાનોમાં જંગી કાફલા રૂપે લશ્કરી અને મુલ્કી સરંજામ કલકત્તા(કૉલકાતા) મોકલ્યો, ત્યારે ચીને યુદ્ધવિરામની જાહેરાત કરી. ભારતનો ગૌરવભંગ થયો. એનાં લશ્કરી દળોની મોટી ખુવારી સાથે નામોશીભરી પીછેહઠ થઈ. સંરક્ષણખર્ચને પહોંચી વળવા માટે દેશને ઘણો ભોગ આપવો પડ્યો.

સરદારે જાણે વિદેશનીતિનું ચાણક્યસૂત્ર આપતા હોય તેમ એક પત્રમાં લખ્યું હતું, 'મારી ગણતરી પ્રમાણે પરિસ્થિતિ એવી છે કે જેમાં આપણને આત્મસંતોષી બનવાનું કે ઢચુપચુ રહેવાનું ન પાલવે. આપણે શું સિદ્ધ કરવા ઇચ્છીએ છીએ તેનો અને તે કઈ પદ્ધતિથી સિદ્ધ કરવું જોઈએ તેનો આપણને સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ. આમાં એક

પણ લથડિયું ખાઈએ કે આપણા ઉદ્દેશો નક્કી કરવામાં કે એ ઉદ્દેશો સિદ્ધ કરવા માટે આપણી નીતિનો અમલ કરવામાં નિર્ણયાત્મકતાનો અભાવ આપણને નબળા પાડ્યા વિના નહીં રહે. સ્પષ્ટ દેખાતાં જોખમોને વધાર્યા વિના રહેશે નહીં.'

આજની વાત કરીએ તો પહેલગામમાં થયેલા આતંકીઓના ક્રૂર અને નિર્દયી હુમલા પછી દેશનું જનમાનસ પાકિસ્તાનને પદાર્થપાઠ શીખવવા માગે છે. રાષ્ટ્રની નેતાગીરી પણ એ માટે કટિબદ્ધ છે, પણ આ સઘળા સમયે સરદાર પટેલની એ દીર્ઘદૃષ્ટિનું સ્મરણ થાય છે કે જેમણે આઝાદ ભારત પર પહેલો ભય ચીનનો અને પછી પાકિસ્તાનનો જોયો હતો. સરહદની સુરક્ષા માટે અમૂલ્ય એવાં અગિયાર સૂચનો આપ્યાં હતાં અને કેટલાક તાત્કાલિક ઉકેલ માગતા પ્રશ્નોની નોંધ કરી હતી અને એના આધારે વહીવટી અને લશ્કરી નીતિ ઘડવાનું સૂચન કર્યું હતું.

આવી બાબતોની જાહેરમાં ચર્ચા ન થાય તે માટે સરદાર વલ્લભભાઈ પટેલ અંગત રીતે અથવા તો પત્ર રૂપે પોતાનો મત વિદેશનીતિના સૂત્રધાર નહેરુ સમક્ષ વ્યક્ત કરતા હતા. એ પત્ર પંડિત નહેરુને મળ્યો ખરો, પરંતુ એના પર વિશેષ કાર્યવાહી કરવાનું બન્યું નહીં. એ પછી જ્યારે નહેરુ એમને મળવા ગયા, ત્યારે સરદાર પટેલને એમને સ્વાસ્થ્યની ક્ષેમકુશળતા સિવાય બીજી કોઈ વાત થઈ શકે તેમ નહોતી. ખેર ! દીર્ઘદ્રષ્ટા સરદાર પટેલના એ પત્રની ઉપેક્ષાનું ઘણું મોટું મૂલ્ય દેશને ચૂકવવું પડ્યું.

---


## 'વિશ્વવિહાર'ની માહિતી અંગે નિવેદન (ફૉર્મ ૪)

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિસ્થાન | : અમદાવાદ |
| ૨. | પ્રસિદ્ધિનો ગાળો | : માસિક |
| ૩-૪. | પ્રકાશક-મુદ્રક | : કુમારપાળ દેસાઈ (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી) |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ |
| ૫. | તંત્રી | : કુમારપાળ દેસાઈ |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ |
| ૬. | માલિકનું નામ-સરનામું | : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ |

**૧ માર્ચ, ૨૦૨૬** **કુમારપાળ દેસાઈ (પ્રકાશક)**

વિજ્ઞાન


# પાટા પર ઊડતી ટ્રેન : મૅગ્લેવ

**ચિંતન ભટ્ટ**

થોડા સમય પહેલાં રેલવે અંગે બે સમાચાર હતા. બુલેટ ટ્રેન પ્રથમ તબક્કામાં ૨૦૨૭માં દોડતી થઈ જશે. બીજા સમાચાર - ચીને શૂન્યથી ૭૦૦ કિમી. પ્રતિ કલાકની ગતિ થોડી જ સેકંડોમાં મેળવતી ટ્રેનનું સફળ પરીક્ષણ કર્યું. જે પરિવહનમાં પાટાનો ઉપયોગ કરવામાં આવે તે રેલવે. શરૂઆત પ્રાણીઓ અને માનવીઓના બળથી રેલવે પરનાં વાહન ગતિ મેળવતાં હતાં. વર્ષ ૧૮૦૪માં યુકેના રિચાર્ડ ટ્રેવિથિકે (Richard Trevithick) રેલવે માટે સ્ટીમ એન્જિનનું નિર્માણ કર્યું અને આપણને અભિપ્રેત છે તેવી આધુનિક રેલવેનું અવતરણ થયું. ટૅક્નૉલૉજીના વિકાસની સાથે એન્જિનના ઊર્જાસ્રોતમાં પણ પરિવર્તન આવતું ગયું. ગરમી-વરાળ, અશ્મીય ઈંધણ, વીજળી, હાઇડ્રોજન સુધી ઊર્જાસ્રોતમાં બદલાવ આવ્યો અને એ મુજબ એન્જિનની સંરચનામાં પણ ફેરફાર થયો. પાટા પર દોડતી ટ્રેનની ગતિ પણ વધવા લાગી. અલબત્ત, ટ્રેનની ગતિ વધવાની સાથે સાથે પાટાની ક્ષમતા અને ટ્રેનના ડબ્બાની રચના મુકરર ગતિ સહન કરી શકે તેવી હોવી જરૂરી છે. આ બધી જ ટ્રેનો પાટા પર દોડતી એટલે કે પાટાને સ્પર્શીને દોડતી ટ્રેન છે. એકવીસમી સદીમાં કેટલાક દેશોએ શક્તિશાળી ઇલેક્ટ્રૉમૅગ્નેટનો ઉપયોગ કરીને ઉચ્ચ ગતિની ટ્રેનો વિકસાવવાનો યજ્ઞ આરંભ્યો જેને મૅગ્લેવ (Magnetic Levitation એટલે કે ચુંબકીય ઉચ્ચાલનનું ટૂંકું રૂપ) કહેવામાં આવે છે.

પારંપરિક ટ્રેનની જેમ આ ટ્રેનમાં પોલાદનાં પૈડાં કે લોખંડના પાટા નથી હોતા. અલબત્ત, આ ટ્રેનના પાટા ચુંબકના મૂળભૂત સિદ્ધાંતનો ઉપયોગ કરીને તેની ગતિ અને યાત્રાપથ માટે માર્ગદર્શક બને છે. ટ્રેન પાટાને સ્પર્શ નથી કરતી, પણ પાટાથી અધ્ધર રહીને સરકે છે-ઊડે છે. અરે ! આપણને અભિપ્રેત છે તેવાં પૈડાં જ નથી તો પછી પાટા-પૈડાં વચ્ચે કોઈ ઘર્ષણનો તો પ્રશ્ન જ ઊભો થતો નથી. પરિણામે ટ્રેનો પ્રતિકલાક સેંકડો કિલોમીટરની ઝડપે દોડી શકે છે. પાટાને ટ્રેન ભાગ્યે જ સ્પર્શતી હોવાથી પારંપરિક ટ્રેનો કરતાં તેનાં અવાજ અને કંપન ઘણાં જ ઓછાં હોય છે. ઓછાં કંપન અને ઘર્ષણને લીધે તેમાં યાંત્રિક ભંગાણ કે ખરાબી થવાની શક્યતા ખૂબ જ ઓછી થઈ જાય છે. ૧૯૦૪માં અમેરિકન વિજ્ઞાની રૉબર્ટ ગોડાર્ડે ચુંબકીય ઉચ્ચાલન વિશે રૂપરેખા આપી હતી, પણ તેની પ્રથમ પેટન્ટ ફ્રેંચ મૂળના અમેરિકન ઇજનેર એમીલ બેચેલેટે ૧૯૧૦માં મેળવી હતી.

પરંપરાગત ટ્રેનને પાટા પર ખેંચવા માટે ઉપયોગમાં લેવાતા એન્જિન જેવું એન્જિન મૅગ્લેવ ટ્રેનમાં હોતું જ નથી. મૅગ્લેવનું એન્જિન ધ્યાનમાં ન આવે તેવું હોય છે. એન્જિનમાં ઊર્જાસ્રોત તરીકે અશ્મીય ઈંધણ કે વીજળીનો ઉપયોગ કરવાને બદલે માર્ગદર્શક માર્ગ(Guide way)ની દીવાલો અને પાટા(track)માં વિદ્યુત કૉઇલ દ્વારા ચુંબકીય ક્ષેત્રો ઉત્પન્ન કરવામાં આવે છે જે સાથે મળીને ટ્રેનને આગળ ધપાવવામાં




*(Levitation and guidance coil : ઉચ્ચાલક અને માર્ગદર્શક કૉઈલ, Propulsion Coil : ટ્રેનને આગળ ધપાવતી કૉઈલ, Wheel Support Path : પાટા, Beam : બીમ)*

યોગદાન આપે છે. ચુંબકીય ક્ષેત્રની મદદથી ખૂબ વજનદાર ટ્રેનને ઊંચકીને આગળ ધપાવવા માટે અતિશય શક્તિશાળી ચુંબકીય ક્ષેત્ર જોઈએ. તેને હાંસલ કરવા માટે 'સુપરકંડક્ટર' સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે કોઈ પણ વાહકમાંથી વિદ્યુત પસાર થાય ત્યારે તે વીજપ્રવાહને અવરોધે છે. રબર, લાકડા જેવી સામગ્રી વીજપ્રવાહને અતિશય અવરોધી તેને પસાર થવા દેતી નથી માટે તે 'અવાહક' છે. સોનું, ચાંદી, તાંબા જેવી ધાતુઓ વીજપ્રવાહને ખૂબ ઓછો અવરોધે છે માટે તે 'સુવાહક' તરીકે ઓળખાય છે. હા, અવાહક અને સુવાહક વચ્ચે આવતા 'સેમિકંડક્ટરે' તો ઈલેક્ટ્રૉનિક ટૅક્નૉલૉજીનું સ્વરૂપ બદલી નાખ્યું અને તેને સર્વવ્યાપી બનાવી દીધી. પારો, સીસું, નિઓબિયમ (Niobium), યટ્રિયમ બેરિયમ કૉપર ઑક્સાઈડ (YBCO) જેવી સામગ્રી શૂન્ય અવરોધ સાથે વીજપ્રવાહનું વહન કરે છે તેથી તે સુપરકંડક્ટર તરીકે ઓળખાયા. અલબત્ત, આ ગુણધર્મ મેળવવા માટે કેટલીક ખાસ પરિસ્થિતિ હોવી જરૂરી છે; જેમ કે, અતિશીત (Cryogenic) તાપમાન. એક નિર્ણાયક તાપમાને (Critical Temperature) તે શક્તિશાળી ચુંબકીય ક્ષેત્ર ઉત્પન્ન કરે છે. ઊર્જાના વ્યય વગર અનિશ્ચિત સમય માટે વીજપ્રવાહ વહે છે. સુપરકંડક્ટરનો ઉપયોગ MRI (Magnetic Resonance Imaging) મશીનમાં પણ થાય છે. મોટા ભાગના સુપરકંડક્ટરને કાર્યાન્વિત રાખવા માટે અતિશીત તાપમાનની જરૂર પડે છે. તે માટે પ્રવાહી હિલિયમથી (-૨૬૯ ડિ.સે.) મેળવવામાં આવે છે. આ અતિ ખર્ચાળ છે માટે હવે પ્રવાહી નાઈટ્રોજન (-૧૯૬ ડિ.સે.) વડે ઠંડી કરેલી સામગ્રી સુપરકંડક્ટરનો ગુણધર્મ ઉજાગર કરે તે અંગે સંશોધન થઈ રહ્યું છે. આ સંશોધનની સફળતાને પગલે મૅગ્લેવ ટ્રેન માટેનો ખર્ચ ઘટવાની અને તેનો વ્યાપ વધવાની શક્યતા લાગે છે.

નાનપણમાં ચુંબક સાથે રમતાં રમતાં આપણે જાણ્યું છે કે ચુંબકનાં વિરોધી ધ્રુવો એકબીજાને આકર્ષે છે અને સમાન ધ્રુવો એકબીજાથી દૂર ભાગે છે. વીજચુંબકીય પ્રચાલન(Electromagnetic propulsion)નો આ મૂળભૂત સિદ્ધાંત છે. સામાન્ય

ચુંબકની જેમ જ વીજચુંબક કામ કરે છે. તે ધાતુને આકર્ષે છે, પણ ચુંબકીય ખેંચાણ કામચલાઉ હોય છે. જ્યારે વીજચુંબકમાં વીજપ્રવાહ બંધ થઈ જાય ત્યારે તે ચુંબકીય ગુણધર્મ ગુમાવે છે અને ધાતુને આકર્ષતું પણ નથી. આટલું જાણ્યા પછી મૅગ્લેવ ટ્રેન પ્રણાલીના મુખ્ય ઘટકો પર એક નજર નાખીએ :

મૅગ્લેવ ટ્રેનના પાટાની લગોલગ ગોઠવેલી ચુંબકીય કૉઇલને માર્ગદર્શક માર્ગ કહેવામાં આવે છે. ટ્રેનના ડબ્બાની નીચે ગોઠવેલા શક્તિશાળી ચુંબક સાથે અપાકર્ષણને લીધે ટ્રેન ૧થી ૧૦ સેમી. જેટલી માર્ગદર્શક માર્ગથી ઊંચી થાય છે. એક વખત ટ્રેન અધ્ધર થઈ જાય પછી કૉઇલને પાવર આપવામાં આવે છે. તેને લીધે એક વિશિષ્ટ પ્રકારનું ચુંબકીય ક્ષેત્ર ઉત્પન્ન થાય છે જે ટ્રેનને માર્ગદર્શક માર્ગ પર ખેંચે છે - ધક્કો મારે છે. માર્ગદર્શક માર્ગની દીવાલોની કૉઇલમાં પૂરો પાડવામાં આવતો વીજપ્રવાહ ચુંબકીય કૉઇલની ધ્રુવીયતા (Polarity) બદલવા માટે સતત બદલાતો રહે છે. ધ્રુવીયતામાં આ ફેરફારને કારણે  ટ્રેનની આગળનું ચુંબકીય ક્ષેત્ર ડબ્બાને આગળ ખેંચે છે, જ્યારે ટ્રેનની પાછળનું ચુંબકીય ક્ષેત્ર તેને વધુ આગળ ધક્કો મારે છે. આમ મૅગ્લેવ ટ્રેન હવાની ગાદી પર તરે છે - સરકે છે જેને લીધે ઘર્ષણ થતું નથી. ટ્રેનની ઍરોડાયનામિક સંરચના અને ઘર્ષણના અભાવને કારણે ટ્રેન ભૂમિ પરિવહનની અભૂતપૂર્વ ગતિ પ્રતિકલાક ૫૦૦ કિમી.થી પણ વધુ હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે. અહીં એક સરખામણી કરીએ તો લાંબા અંતરના ઉડ્ડયન માટે વપરાતું બોઇંગ-૭૭૭ વાણિજ્યિક વિમાન મહત્તમ ૯૦૦ કિમી. પ્રતિકલાકની ગતિ સુધી પહોંચી શકે છે. આ હિસાબે ભવિષ્યમાં મૅગ્લેવ ટ્રેન આપણને અમદાવાદથી દિલ્હી બે કલાકથી પણ ઓછા સમયમાં પહોંચાડી દેશે તેમ લાગે છે.

મૅગ્લેવ ટ્રેનોને વધુ ને વધુ ઝડપે દોડાવવા માટે સતત તેમાં સંવર્ધન થતું રહ્યું છે. ઑક્ટોબર, ૨૦૧૬માં, જાપાન રેલવેએ પોતાની વિકાસોન્મુખ મૅગ્લેવ બુલેટ ટ્રેન થોડા સમય માટે ૬૦૧ કિમી. પ્રતિકલાકની ઝડપે દોડાવી હતી. મૅગ્લેવ ટ્રેન ટૅક્નૉલૉજીના વિકાસનો પ્રારંભ જર્મની અને જાપાનથી થયો હતો. ત્યારબાદ ચીન અને દક્ષિણ કોરિયા પણ જોડાયા. વધુ પડતા ખર્ચને લીધે જર્મનીએ ૨૦૦૮માં આ પ્રકલ્પ પડતો મૂક્યો ત્યારથી મૅગ્લેવ ટ્રેનના વિકાસમાં એશિયા કેન્દ્રસ્થાને રહ્યું છે. અત્યારે વિશ્વમાં ફક્ત છ જ રૂટ પર મૅગ્લેવ ટ્રેન કાર્યરત છે. તેમાંની ત્રણ ચીનમાં, બે દક્ષિણ કોરિયામાં અને એક જાપાનમાં છે. વિશ્વની સર્વપ્રથમ વ્યાવસાયિક મૅગ્લેવ ટ્રેન ચીનના શાંઘાઈથી પ્યુડોંગ (Pudong) હવાઈ મથક (૫૦ કિમી.) વચ્ચે ૪૩૦ કિમી. પ્રતિ કલાકની ઝડપે દોડે છે. બાકીની બધી જ ટ્રેનો ધીમી ગતિની (૧૦૦ કિમી. પ્રતિ કલાક) મૅગ્લેવ ટ્રેન છે જે શહેરી વિસ્તારમાં ટૂંકા અંતરની ટ્રેનો છે.

આપણે જાણીએ છીએ કે પ્રાણીઓના લોહીમાં લોહતત્ત્વ હોય છે. મૅગ્લેવ માટે ઉત્પન્ન કરતાં શક્તિશાળી ચુંબકીય ક્ષેત્રથી પ્રાણીમાત્રના રક્ષણની સાવધાની તો લેવામાં આવે જ, પણ આ તો માનવકેન્દ્રિત સાવધાની હોય છે. વળી, અકસ્માતે સૌને ચુંબકીય ક્ષેત્રની અસર થવાનો તો ભય ખરો જ. તો, આ અંગે પણ વિશિષ્ટ સલામતી જોઈશે.

અભિવાદન


# અંકે ગૌડાનું 'પુસ્તકોનું ઘર'

**ઊર્મિલા ઠાકર**

પોતાના અંગત ગ્રંથાલયને વિશ્વના સૌથી વિશાળ નિઃશુલ્ક જ્ઞાનકેન્દ્ર તરીકે વિકસાવનાર શ્રી અંકે ગૌડાને ભારત સરકારે 'Unsung Heroes of India'ની કૅટેગરીમાં ૨૦૨૬નો 'પદ્મશ્રી' ઍવૉર્ડ આપીને નવાજ્યા.

અંકે ગૌડાનો જન્મ ૧૯૪૭ પાંડવપુરા તાલુકાના ચિનાકુર્લિ ગામમાં થયો હતો. સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા અંકે ગૌડાના પિતા મારી ગૌડા (Mari Gowda) અને માતા નિંગમ્મા (Ningamm). અંકે ગૌડા શાળામાં ભણતા ત્યારે તેમને પુસ્તક મળી શકતાં નહીં. બાળપણમાં પુસ્તકોના અભાવમાં જીવતા ગૌડાને પુસ્તકો એકત્રિત કરવાની લગની લાગી. અંકે ગૌડા શરૂઆતમાં કર્ણાટક સ્ટેટ રોડ ટ્રાન્સપૉર્ટ કૉર્પોરેશન(KSTRC)માં બસ-કંડક્ટર તરીકે નોકરી કરતા હતા. ત્યારબાદ ખાંડની ફૅક્ટરીમાં ટાઈમકીપર તરીકે નોકરી સ્વીકારી. ત્યારબાદ તેમણે વાચનના શોખને કારણે તેઓ કન્નડ સાહિત્ય વાંચવા લાગ્યા. તેમને પુસ્તકો મેળવવામાં મુશ્કેલી પડતી, છતાં તેઓ કન્નડ સાહિત્યમાં એમ.એ. થયા. ૨૦ વર્ષની વયે તેમણે પુસ્તકોનો સંગ્રહ કરવાની શરૂઆત કરી હતી. તેઓ તેમના પગારની ૮૦ % રકમ પુસ્તકો ખરીદવા માટે કરતા રહ્યા છે. તેમની નિવૃત્તિ સમયે પ્રાપ્ત થયેલ નાણાભંડોળ પણ તેમણે પુસ્તકોના સંગ્રહ માટે જ વાપર્યું. આજે તેઓ ૭૫ વર્ષના છે. તેમની પાસે હાલમાં વિશ્વનું અજોડ વિશાળ સમૃદ્ધ અંગત ગ્રંથાલય છે, જે સમગ્ર સમાજને નિઃશુલ્ક જ્ઞાનકેન્દ્ર તરીકે સેવા આપે છે.

કર્ણાટક રાજ્યના માંડ્યા જિલ્લામાં શ્રીરંગમપટ્ટમ્ પાસે, પાંડવપુરા તાલુકામાં આવેલા હરલાહલ્લિ (હરુલુહાલ્લિ - Haralahalli) ગામમાં તેમણે 'પુસ્તક મણી' (Pustaka Mane) એટલે કે 'પુસ્તકોનું ઘર' વિકસાવ્યું છે. જે સમગ્ર સમાજને નિઃશુલ્ક ગ્રંથાલય સેવા આપે છે. આ ગ્રંથાલયમાં ૨૦ લાખ ગ્રંથોનો સમૃદ્ધ સંગ્રહ છે, તેમાં બાવીસ ભાષાઓના ગ્રંથોનો સમાવેશ થાય છે. આ સંગ્રહમાં ૫,૦૦,૦૦૦ અલભ્ય ગ્રંથો છે, જેમાં પરદેશના ગ્રંથોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમાં વિવિધ ભાષાના ૫૦૦૦ શબ્દકોશો છે. તેમજ ૧૮૩૨ પહેલાંની હસ્તપ્રતો પણ છે. ગૌડાના જણાવ્યા મુજબ તમામ મહત્ત્વના ગ્રંથો આ જ્ઞાનકેન્દ્રમાં છે. જેમાં ગાંધીજીના અને ગાંધીજી વિશેના ૨૫૦૦થી વધારે ગ્રંથો છે, ઉપરાંત નોબેલ પુરસ્કાર વિજેતા, જ્ઞાનપીઠ વિજેતા તેમજ સાહિત્ય અકાદમીના પુરસ્કાર વિજેતા સાહિત્યકારોના ગ્રંથોનો સમાવેશ પણ આ સંગ્રહમાં કરવામાં આવેલો છે. આ સાથે પુરાણો, ઉપનિષદો અને કુરાન, ત્રણસો વર્ષ જૂના ઇતિહાસના ગ્રંથો ઉપરાંત રામાયણ અને મહાભારતનાં ત્રણસો ત્રણસો સંસ્કરણો અહીં ઉપલબ્ધ છે.



આ સમૃદ્ધ સંગ્રહનો ઉપયોગ કરવા માટે તેનું સભ્યપદ લેવાની જરૂર નથી. કોઈ પણ પ્રકારની પ્રવેશ-ફી કે ઓળખપત્ર પણ આપવાની જરૂર નથી. આ 'અંકે ગૌડા બુક હાઉસ' સમગ્ર સમાજને નિઃશુલ્ક સાર્વજનિક જ્ઞાનકેન્દ્ર તરીકે સેવાઓ આપે છે. વિદ્યાર્થીઓ, સંશોધકો, લેખકો, સ્પર્ધાત્મક પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓ, આઈ.એ.એસ. અધિકારીઓ તેમજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો આ જ્ઞાનકેન્દ્રનો ઉપયોગ કરે છે.

આ જ્ઞાનસંગ્રહની સતત વૃદ્ધિ થતી રહે છે. આથી પુસ્તકો માટે વિશાળ જગ્યાની જરૂર પડતાં અંકે ગૌડાએ પોતાનું મકાન વેચી દઈને ગ્રંથો માટે સુવિધા કરી છે. પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનાર શ્રી અંકે ગૌડા અને તેમનાં પત્ની વિજયાલક્ષ્મી તદ્દન સાદું જીવન જીવે છે. તેઓ ગ્રંથાલયના ભોંયતળિયે સૂએ છે. એક નાનકડા ખૂણામાં રસોઈ કરે છે. આ જ્ઞાનયજ્ઞમાં સમગ્ર પરિવાર સમર્પિત છે. તેમનો પુત્ર સાગર ગૌડા પણ પિતાના માર્ગદર્શન મુજબ પુસ્તકોની ગોઠવણી અને વ્યવસ્થામાં સહાયક બને છે. આમ આ અંકે ગૌડા જ્ઞાનપ્રતિષ્ઠાન ફાઉન્ડેશનનો સમૃદ્ધ સંગ્રહ સતત વૃદ્ધિ પામ્યા કરે છે. કોઈ પણ પ્રકારના દાન, અનુદાન વિના - સ્વખર્ચે.

૨૦૨૬નો પદ્મશ્રી ઍવૉર્ડ એ અંકે ગૌડાના સમર્પિત જીવનનું અને જ્ઞાનનું ગૌરવ છે. જે તેમના ગામ, કર્ણાટક રાજ્ય અને ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે એક નોંધપાત્ર ઉદાહરણ બની રહેશે.

રાષ્ટ્રીય કક્ષાએ ગ્રંથ માટે સમર્પિત જીવનની નોંધ લેવાઈ છે ત્યારે હવે આ અમૂલ્ય સંગ્રહનું વર્ગીકરણ, સૂચીકરણ, વાङ્મયસૂચિઓ તૈયાર કરવાનાં કાર્યોની સત્વરે વ્યવસ્થા થાય તેમજ અમૂલ્ય ગ્રંથોનું ડિજિટાઇઝેશન થાય એ માટે ભારત સરકાર સત્વરે પગલાં લેશે ત્યારે અંકે ગૌડાના કાર્યને સાચા અર્થમાં બિરદાવ્યું ગણાશે.



પ્રેરણા

# જયંતી બુરુદાનું 'જંગલ રાની'

**પ્રીતિ શાહ**

ઓડિશાના મલ્કાનગિરિ જિલ્લામાં સેરપલ્લી ગામમાં જયંતી બુરુદાનો જન્મ થયો હતો. કોયા જનજાતિમાં જન્મેલી જયંતીનો અગિયાર ભાઈ-બહેનોમાં નવમો નંબર હતો. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટના હેવાલ પ્રમાણે કોયા જનજાતિમાં છોકરીઓમાં સાક્ષરતાનું પ્રમાણ અત્યંત ઓછું હતું. જયંતી પોતાની માતાને સેરપલ્લી ગામની આસપાસ જંગલમાં લાકડાં વીણવામાં, ગાયોને ચરાવવામાં અને મહુડાનાં ફૂલ તોડવામાં મદદ કરતી હતી. મલ્કાનગિરિ જિલ્લાના આ ગામમાં એક જ સ્કૂલ હતી અને એમાં પ્રવેશ મેળવવા માટે જયંતી નસીબદાર બની. એ સ્કૂલમાં બે જ શિક્ષકો બધા વિષયોનો અભ્યાસ કરાવતા હતા. તેમણે જયંતીની શૈક્ષણિક કારકિર્દી ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. દસમા ધોરણની બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થનારી તે એકમાત્ર વિદ્યાર્થિની હતી. નાનપણથી જંગલ સાથે એનો નાતો હતો અને વનવગડાના એકાંતમાં રહેતી. તેના સમવયસ્ક અન્ય મિત્રો ફોનમાં વ્યસ્ત રહેતા અથવા તો કોઈ રમત ખેલતા ત્યારે જયંતી કુદરતની ગોદમાં જઈને આનંદ મેળવતી.

જયંતી બુરુદા કહે છે કે તેના પિતા હંમેશાં ધોતી પહેરતા અને આદિવાસીઓના અધિકાર માટે સંઘર્ષ કરતા હતા, આમ છતાં ગામ છોડીને જયંતીને આગળ અભ્યાસ કરાવવા માટે અન્યત્ર મોકલવામાં  ખચકાટ અનુભવતા, પરંતુ જયંતીએ મલ્કાનગિરિ જઈને બી.એ.ની ડિગ્રી મેળવી. અહીં એણે ઝૂંપડપટ્ટીમાં રહેતાં આદિવાસી બાળકોને અભ્યાસ કરાવ્યો અને વાર્તાઓ કહીને તેમનું ઘડતર કર્યું. જયંતીની સામાજિક કાર્યો પ્રત્યે રુચિ વધી અને ભારતીય રેડક્રૉસ સોસાયટીમાં સ્વયંસેવક તરીકે જોડાઈ. અહીં એણે સત્તાસ્થાને બેઠેલા પુરુષો દ્વારા થતા ભેદભાવનો અનુભવ કર્યો. તેણે જોયું કે આ સમાજમાં સત્તાસ્થાને બેઠેલા, કોઈ હોદ્દો ધરાવનારા કે પત્રકારની વાત સહુ કોઈ સાંભળે છે. એણે પત્રકારત્વનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું અને પિતાને વાત કરી. પિતાને પોતાની પુત્રી પત્રકાર બને તે વાત પસંદ પડી નહીં. પોતાના સ્વપ્નને સાકાર કરવા જયંતીને પારાવાર સામાજિક અને આર્થિક અવરોધો પાર કરવા પડે તેમ હતા. પિતાને સમજાવ્યું કે આપણી કોયા જાતિમાં ન કોઈ વ્યક્તિ ઉચ્ચ હોદ્દા પર છે કે ન કોઈ પત્રકાર ! જયંતી બુરુદાએ પોતાના ગામથી દોઢસો કિમી. દૂર કોરાપુટમાં સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ઓડિશામાં પત્રકારત્વ વિભાગમાં પ્રવેશ મેળવ્યો અને કોયા જનજાતિની પ્રથમ મહિલા-પત્રકાર બની. કોયી ભાષા જાણનાર બહુ જ જૂજ વ્યક્તિ છે તેમાંની એક જયંતી બુરુદા છે. પત્રકારત્વનો અભ્યાસ કરવો તેના માટે સહેલો નહોતો. અભ્યાસની અને હૉસ્ટેલની ફી ભરવાની અને વળી એકાએક જુદા જ વાતાવરણનો અનુભવ કરવાનો હતો, પરંતુ સહુના સહયોગથી ૨૦૧૪માં તેણે પત્રકારત્વની ડિગ્રી મેળવી. ડૉક્યુમેન્ટરી ફિલ્મ



જયંતી બુરુદા

બનાવનાર અને પત્રકાર બિરેન દાસ સાથે ઈન્ટર્નશિપ કરી અને તેઓ તેના માર્ગદર્શક બન્યાં.

ભુવનેશ્વરના અજીરા ઓડિશા સ્ટુડિયોમાં એક મહિનો ઈન્ટર્નશિપ કરી અને બિરેન દાસના માર્ગદર્શનમાં કૅમેરો ચલાવતાં, ઈન્ટરવ્યૂ લેતાં, વીડિયો ઉતારતાં તથા એડિટિંગ કરતાં શીખી. ત્યારબાદ તે કલિંગા ટી.વી.માં જોડાઈ. અહીં જયંતી બુરુદાએ જોયું કે મલ્કાનગિરિના સમાચારમાં ખાસ કોઈને રસ પડતો નહોતો. માત્ર માઓવાદી સાથે અથડામણ થઈ હોય એવી ઘટનાના સમાચારને મહત્ત્વ આપવામાં આવતું. એ ઉપરાંત તેની સાથે કામ કરતા પુરુષો તેને ગણકારતા નહીં. તેની ભાષા અને આદિવાસી તરીકેની ઓળખને કારણે એનું શોષણ કરતા. એની બનાવેલી સ્ટોરી પ્રસારિત થાય તોપણ તેનું નામ આપવામાં આવતું નહીં. એને કોઈ કામનું શ્રેય આપવામાં આવતું નહીં. તેણે નેટવર્ક ફૉર વિમેન ઈન મીડિયા-ઇન્ડિયામાં ફેલોશિપ માટે અરજી કરી અને ૨૦૧૭માં તેને આર્થિક સહાય ઉપરાંત લૅપટૉપ પણ મળ્યું. જયંતી બુરુદા પોતાના અત્યાર સુધીના અભ્યાસ અને કામના અનુભવથી ઘણું શીખી હતી. તે હાંસિયામાં ધકેલાઈ ગયેલા માનવીઓ તથા આદિવાસી મહિલા અને બાળકોની સમસ્યાને વાચા આપવા માગતી હતી. સામાજિક અસમાનતા અને લિંગભેદનો તેને જાતઅનુભવ હતો. તે પોતાની જનજાતિના પ્રશ્નો પણ રજૂ કરવા માગતી હતી.

જયંતી બુરુદાએ મલ્કાનગિરિમાં કોઈ પણ મેડિકલ સગવડ વિના બાળકને જન્મ આપનાર સ્ત્રીઓની સમસ્યા વિશે ડૉક્યુમેન્ટેશન કર્યું. તેમાં તેણે માળખાકીય સુવિધા વધારવી જોઈએ તેમ જણાવ્યું, કારણ કે પૂરની પરિસ્થિતિ સમયે એક પ્રસૂતા સ્ત્રીને ટ્રૅક્ટર કે બળદગાડામાં લાવવી પડી, જ્યાં એણે થોડા જ સમયમાં સંતાનને જન્મ આપ્યો. શિક્ષણનો અભાવ, ઘરેલુ હિંસા, દારૂનું વ્યસન, છોકરીઓને સ્કૂલે ન મોકલવી વગેરે પ્રશ્નોને રજૂ કરીને એ લોકોમાં જાગૃતિ લાવે છે. ૨૦૧૮માં તેણે બડા દીદી યુનિયનની શરૂઆત કરી. જેમાં સ્ત્રીઓના આરોગ્ય વિશે અને સ્ત્રી-સુરક્ષા વિશે વાત કરી.

૨૦૨૩માં 'જંગલ રાની' નામનું સોશિયલ મીડિયા પર સમાચાર માટેનું પ્લૅટફૉર્મ શરૂ કર્યું અને આદિવાસી સમાજના એવા સમાચાર આપે છે, જે મુખ્યધારામાં આવતા નથી. તેની ટૅગલાઇન છે - 'અમારી વાત, અમારા દ્વારા અને અમારા માટે.' દોઢસો રૂપિયા ભરીને તેમાં જોડાઈ શકાય છે. એક મહિલાપત્રકાર તરીકે કલાકો સુધી બહાર ફરવું અને સાંજ પહેલાં ઘરે પાછા ફરવું સલામતીની દૃષ્ટિએ મુશ્કેલ હોય છે, તેથી તે માર્શલ આર્ટ શીખી છે. પાંત્રીસ વર્ષની જયંતીએ મલ્કાનગિરિમાં પચાસથી વધુ મહિલાઓને સ્ક્રિપ્ટ રાઈટિંગ, ફિલ્ડ રિપોર્ટ, વીડિયો શૂટિંગ અને એડિટિંગ શીખવ્યું છે અને તેના દ્વારા તે સમાજમાં પરિવર્તન લાવવા માગે છે.

પ્રવાસ

# સંકેલાયેલો એક સઢ અને એક ખાલીખમ કબર

**ભારતી રાણે**

સાવ ઝાંખી હતી એ જગ્યા! કોચીન - એટલે કે આજના કોચી શહેરને એક ખૂણે સૂમસામ રસ્તો હતો. એની કોરે પરચૂરણ વસ્તુઓ તથા નાનાં સ્મૃતિચિહ્નો વેચતી બેએક નાની રેંકડીઓ હતી. લોખંડનું એક ખખડધજ પ્રવેશદ્વાર, એની અંદર લીલો ઓછો ને સૂકો ઝાઝો એવો નાનકડો અમથો બાગ, અને એની વચ્ચે એક સ્તંભાકાર સ્મારક ઊભેલું હતું. પથ્થરનું બનેલું હતું, એટલે એ સમય સામે ઝીક ઝીલતું ઊભું તો હતું, પણ તેનો ભૂખરો રંગ એકદમ ઝાંખો પડી ગયો હતો અને તેની ઉપરનું લખાણ પણ તદ્દન ઝાંખું થઈ ગયું હતું. દરિયો ત્યાંથી દેખાતો નહોતો, પણ એ મકાનની સામે ઊભાં હોઈએ, ત્યારે સામેથી વહી આવતી પવનની લહેરખી કહેતી જાય કે, દરિયો અહીંથી સાવ નજીક જ હોવો જોઈએ. પછી તરત જ મનમાં પ્રશ્ન થાય કે, આ દેવળ દરિયાથી મોઢું ફેરવીને કેમ ઊભું હશે ? એની અંદર તો દરિયાલાલના પનોતા પુત્ર વાસ્કો-ડી-ગામાની સ્મૃતિઓ પોઢેલી છે !

યુરોપથી દરિયાઈ સફર કરીને સીધો ભારત પહોંચનાર આ પહેલવહેલો સાગરખેડુ. એનું મૂળ વતન પોર્ટુગલ. ઈ. સ. ૧૪૬૦ આસપાસના સમયગાળામાં પોર્ટુગલના એક ઉચ્ચસ્તરીય કુટુંબમાં એનો જન્મ થયો. એના નાનપણ વિશે ખાસ કોઈ માહિતી ઉપલબ્ધ નથી, પણ ઈતિહાસ નોંધે છે કે, ઈ. સ. ૧૪૯૭માં પોર્ટુગલની સરકારે એને દરિયાઈ સફરના એક અભિયાનનું સુકાન સોંપ્યું. આ અભિયાનનો ઉદ્દેશ હતો, પૂર્વ તરફના મહાસાગરમાં દૂર-સુદૂર વસેલી કોઈ અજાણી ભૂમિને શોધી કાઢીને તે તરફનો કાયમી જળમાર્ગ સ્થાપિત કરવો. મનુષ્ય અજાણી ભૂમિ તરફ આકર્ષણ અનુભવવા લાગ્યો, અને એની સાહસવૃત્તિ એને દરિયાપરથી સાદ કરવા લાગી, તે સમયની આ વાત. યુરોપને દૂરને એક ખૂણે વસેલ સાવ નાનકડા દેશ પોર્ટુગલે દરિયાને ખોળે જીવન સમર્પિત કરનારા જાંબાઝ સાગરખેડુઓ આપીને માનવજીવનનો ઈતિહાસ બદલી કાઢ્યો, તે સમયની આ વાત.

ઈ. સ. ૧૪૯૭ના જુલાઈ માસમાં પોર્ટુગલની પ્રજાએ વાસ્કો-ડી-ગામા તથા એના સહયાત્રી ખલાસીઓને લિસ્બનના બંદરેથી ભાવભરી વિદાય આપી. એક નાના એવા જળયાનનાં સઢ ખૂલ્યાં ને પછી એણે ક્યારેય પાછાં વળીને ન જોયું. કાબેલ કપ્તાન વાસ્કો-ડી-ગામા જળયાત્રાના નિયમોનો જાણકાર હતો. એણે વહેતા પવનની દિશાનો લાભ લેવા દક્ષિણ તરફ પ્રવાસ કરવા માંડ્યો. આ જ દિશામાં લાંબી મજલ ખેડ્યા પછી, એને આફ્રિકાનો કિનારો સાંપડ્યો. પણ નાવિકની ભ્રમણ-પિપાસા આટલેથી ન સંતોષાઈ. એને તો હજીય દૂરની ધરતી સાદ કરતી હતી. હવે મહાસાગર બદલાયો હતો. એ મહાસાગરના ભોમિયા તરીકે એક આરબ ખલાસી એને સાંપડ્યો. એના



માર્ગદર્શનથી આફ્રિકાખંડને ચકરાવો લેતું એનું જહાજ કેપ ઑફ ગુડ હોપ પાસેથી આટલાન્ટિકનાં જળમાં ખાબક્યું. ત્યાર પછીનો વિસામો એને ભારતવર્ષની ભૂમિમાં સાંપડ્યો. તારીખિયું બતાવતું હતું કે, એ જહાજ આપણા કાલીકટ બંદરે નાંગર્યું ત્યારે ૧૪૯૮ની સાલનો મે મહિનો ચાલી રહ્યો હતો. એ જહાજે ઈતિહાસ સર્જ્યો હતો. યુરોપથી એશિયાનો જળમાર્ગ એણે શોધી કાઢ્યો હતો. એવો જળમાર્ગ, જે આજે પણ ઉપયોગમાં લેવાઈ રહ્યો છે !

આ સફર પરથી વાસ્કો-ડી-ગામા પોર્ટુગલ પાછો ફર્યો, ત્યારે ત્યાંના રાજાએ તાત્કાલિક એક બીજું જહાજ કાલિકટમાં વ્યાપાર-કેન્દ્ર સ્થાપવા મોકલી આપ્યું. પણ આ અભિયાનને સ્થાનિક વિરોધનો તથા લોહિયાળ અથડામણોનો સામનો કરવો પડ્યો. આ સમસ્યાને હલ કરવાના અને કાલિકટમાં શાંતિ સ્થાપવાના મિશન સાથે વાસ્કો-ડી-ગામાએ ફરી એક વાર મહાસાગરમાં ઝંપલાવ્યું. એણે ભારત પહોંચીને કુનેહપૂર્વક આ કામ કરી પણ બતાવ્યું. આ વખતે જ્યારે એ વતન પાછો ફર્યો, ત્યારે પોર્ટુગલના રાજાએ તેને ભારતીય વ્યાપાર-વાણિજ્યનો સલાહકાર નીમ્યો. વીસેક વર્ષ વતનમાં જ રહીને એ ભારત સાથેની પોર્ટુગીઝ ગતિવિધિઓથી પરિચિત રહ્યો. ભારતમાં પગપેસારો કરતા પોર્ટુગીઝ અફસરોમાં વ્યાપવા લાગેલા ભ્રષ્ટાચારને ડામવા ઈ. સ. ૧૫૨૪માં ફરી એક વાર રાજાએ તેને ભારત મોકલ્યો. આ વખતે તેણે પોર્ટુગીઝ વાઈસરૉયની હેસિયતથી કાલિકટ બંદરે ભારતની ધરતી પર પગ મૂક્યો. કોને ખબર હતી કે, આ સફર એની આખરી સફર હશે ? અને એય ક્યાં જાણતો હતો કે, એનો આખરી શ્વાસ ભારતભૂમિ પર કોચીનની હવામાં લખાયો હશે ! આ વખતે ભારત આવ્યા પછી એ બીમાર પડ્યો અને એ બીમારી જીવલેણ નીવડી. ૨૪ ડિસેમ્બર, ૧૫૨૪નો એ દિવસ. વાસ્કો-ડી-ગામાએ અહીં આ કોચીનના દરિયાને તીરે જીવનનૈયાનો સઢ કાયમ માટે સંકેલી લીધો.



**(અનુસંધાન ૩૪મા પાને)**

# આગામી કાર્યક્રમો

## ઓનલાઇન કાર્યક્રમ
## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ **૭ માર્ચ, ૨૦૨૬, શનિવાર : સાંજના ૫-૩૦**
શ્રી રતિલાલ બોરીસાગરની શ્રી ત્રિલોક સંઘાણીએ લીધેલી મુલાકાત.

◈ **૨૬ માર્ચ, ૨૦૨૬, ગુરુવાર (રામનવમી) : સાંજના ૫-૩૦**
વિષય : રામાયણ પરંપરાનો ઉત્કર્ષ આવિર્ભાવ : આનંદ રામાયણ
વક્તા : શ્રી વિજય પંડ્યા

## ઓફલાઇન કાર્યક્રમ
## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૧૨ માર્ચ, ૨૦૨૬, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : શ્રી પન્નાલાલ પટેલલિખિત ‘વાત્રકને કાંઠે’ વાર્તાનો આસ્વાદ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

◈ **૨૭ માર્ચ, ૨૦૨૬, શુક્રવાર : સાંજના ૫-૦૦**
વિષય : શબ્દો ભેગા અને છૂટા લખવા વિશે
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

## વિશ્વા

◈ **૫ માર્ચ, ૨૦૨૬, ગુરુવાર : સાંજના ૫-૩૦**
વિષય : બિભા ચૌધરી : ભારતનાં પ્રથમ મહિલાભૌતિકશાસ્ત્રી
વક્તા : ડૉ. પૂરવી ઝવેરી

## શ્રી ધીરુબહેન પટેલની જન્મજયંતીએ

◈ **૧૦ માર્ચ, ૨૦૨૬, મંગળવાર : સાંજના ૫-૩૦**
વિષય : મારા, તમારા સહુના હૃદયમાં બેઠેલા ઈશાનની કથા - ‘આગંતુક’
વક્તા : મીનળ દવે
વિષય : ધીરુબહેનની વાર્તાઓ ‘દીકરીનું ધન’, ‘મયંકની મા’ અને ‘જાવલ’ વિશે
વક્તા : ઉષા ઉપાધ્યાય
વિષય : સ્મરણો
વક્તા : મિત્રા પટેલ, લતા હિરાણી

## કુંદનબહેન અંબાલાલ કલા-ગૌરવ પુરસ્કાર

◈ **૧૪ માર્ચ, ૨૦૨૬, શનિવાર : સાંજના ૫-૩૦**
જાણીતા ચિત્રકાર અને શિલ્પી શ્રી જી. રવિન્દર રેડ્ડીને ઍવૉર્ડ અર્પણ.

## વિદુષી શ્રી દક્ષાબહેન પટ્ટણી સ્મૃતિવ્યાખ્યાન

**◈ ૨૫ માર્ચ, ૨૦૨૬, બુધવાર : સાંજના ૫-૩૦**

વિષય : ચાલો, થોડા થોડા ગાંધી બનીએ

વક્તા : શ્રી ડંકેશ ઓઝા

### આસ્વાદ

**◈ ૨૧ માર્ચ, ૨૦૨૬, શનિવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'સામાજિક સ્વાસ્થ્ય : એક વૈશ્વિક પડકાર' વિશે સામાજિક સ્વાસ્થ્ય વિશેષજ્ઞ અને કર્મશીલ શ્રી દર્શના વ્યાસ ચૌહાણ વક્તવ્ય આપશે.

---

(૩૨મા પાનાનું ચાલુ)

એ દિવસે જ્યાં વાસ્કો-ડી-ગામાને દફનાવવામાં આવ્યો, તે સેન્ટ ફ્રાન્સિસના દેવળની સામે હું ઊભી હતી. ભારતનાં રજવાડાં સામે કુનેહપૂર્વક કામ લઈને એણે જે કોચીનો કિલ્લો બાંધેલો, તેનાં તો કોઈ અવશેષ પણ આસપાસ દેખાતા નહોતા. સમય એને ભૂંસી ચૂક્યો છે. પણ યુગો જૂનો અંધકાર હજીય આ દેવળમાં ઘર કરીને રહી ગયો હોય તેવું લાગ્યું. ભારતીયોના યુરોપિયનો સાથેના સદીઓના સંઘર્ષોનું મૂક સાક્ષી એવું એ દેવળ બહારથી જર્જરિત અને અંદરથી સાવ સામાન્ય હતું, પણ આજે એનુંય ક્યાં કોઈ મહત્ત્વ હતું ? હું તો એ અંધારિયા ખંડમાં વાસ્કો-ડી-ગામાને શોધી રહી હતી.

અંધારિયા એ દેવળની જમણી તરફના એક ખૂણાની ફર્શ પર એક પથ્થરની શિલા દેખાઈ. આ શિલાની ચારે કોર એક સામાન્ય પ્રકારનો લાકડાનો કઠેડો જોવા મળ્યો. ઉપર નોંધ હતી એના નામની, ઇતિહાસે જોયેલા એક અજોડ સાહસવીરની. બસ, આટલી જ નિશાની બચી રહી છે. ભારતના ઇતિહાસ સાથે એનો સંબંધ કડવો-મીઠો હોઈ શકે, પણ એણે કરેલ સાહસ તથા એણે પ્રાપ્ત કરેલ જળમાર્ગના પ્રદાનથી મનુષ્ય-જીવનનો ઇતિહાસ બદલાયો અને મનુષ્ય-જીવનને વિશાળતાનું એક નવું પરિમાણ મળ્યું, એ હકીકતને શી રીતે નકારી શકાય ? શું વાસ્કો-ડી-ગામા માત્ર પોર્ટુગલનો ખલાસી હતો ? મનમાં વિચારોનો મેળો જામ્યો હતો, પણ એ મેળામાં વાસ્કો-ડી-ગામા ખોવાઈ ગયો હતો. હા, એ કબર સાવ ખાલીખમ હતી. ઈ. સ. ૧૫૨૪માં એ મૃત્યુ પામ્યો એ પશ્ચાત્ પંદર વર્ષ અહીં પોઢ્યા પછી ઈ. સ. ૧૫૩૯માં એના પાર્થિવ દેહને આ કબરમાંથી ખોદી કાઢીને એના વતન પોર્ટુગલમાં લઈ જવામાં આવ્યો.

હું એ ખાલી કબર પર ચળકતા પથ્થરને જોતી રહી. થોડાં વરસો પૂર્વે પોર્ટુગલ ગયેલી, ત્યારે લિસ્બનમાં જીરોનિમોસના દેવળમાં વાસ્કો-ડી-ગામાના અંતિમ વિશ્રામસ્થાનને સ્પર્શ કરેલો તે યાદ આવી ગયું. આ ખાલી કબરથી પેલી ભરેલી કબર સુધીની મારી મનોયાત્રા અને લિસ્બનના બંદરેથી ત્રણ વખત વાસ્કો-ડી-ગામાએ કરેલી ભારતયાત્રા વચ્ચે કેટલા સૂર્યો વહી ગયા હશે ! પરંતુ જીરોનિમોસના સ્મરણે સમયની અને દૃષ્ટિની બંનેય ક્ષિતિજો પળભર માટે ભૂંસાઈ ગઈ. અંધારો એ ઓરડો જાણે શ્વાસ લેવા લાગ્યો. પવન બનીને ચકરાવા લાગેલા એ શ્વાસના તેજ થતા વાયરામાં એક સંકેલાયેલો સઢ જાણે ફરી ફરફરવા લાગ્યો !!!



એકત્ર જ્ઞાનગોષ્ઠિ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને મંચસ્થ વક્તાઓ

માતૃભાષા દિવસ નિમિત્તે યોજાયેલા એક વિશિષ્ટ કાર્યક્રમમાં શ્રી રતિલાલ બોરીસાગર સાથે 'શિક્ષક શ્રી રતિલાલ બોરીસાગર : અનુભવ અને પ્રાપ્તિ' એ વિશે સંવાદ કરી રહેલા શ્રી મનસુખ સલ્લા







બાળસાહિત્ય અકાદમી આયોજિત સાહિત્યકાર જયભિખ્ખુ સ્મૃતિ અધિવેશનમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો સર્વશ્રી યશવંત મહેતા, ટી. એસ. જોષી, કુમારપાળ દેસાઈ, પ્રફુલ્લ રાવલ, નટવર પટેલ



કવિ શ્રી નિરંજન ભગત શતાબ્દી-વર્ષે આયોજિત ગોળમેજી સાહિત્ય વિચાર-વિમર્શ કાર્યક્રમમાં ઉપસ્થિત વક્તાઓ તથા આમંત્રિત મહેમાનો


દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahmedabad Unaccountable L1 On 5th every month.


## તાજેતરમાં વિશ્વકોશ દ્વારા પ્રકાશિત થયેલાં લેખિકાઓના પુસ્તકો





હેપી નામે હિપ્પો અને બીજી વાર્તાઓ
લેખિકા – ચિત્રકાર : અંજના ભગવતી
કિં. રૂ. : ૨૫૦/-




ભારતીય નારીસંતોનું કાવ્યાકાશ
લે. : કાલિન્દી પરીખ
કિં. રૂ. : ૩૦૦/-




સ્નેહાંકિત વિશ્વ
લે. : ભારતી રાણે
કિં. રૂ. : ૨૫૦/-




આનંદભૂમિના ઉદ્ગાતા
સંત જ્ઞાનદેવ
લે. : નીલા જોશી
કિં. રૂ. : ૨૩૦/-

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ,
ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ,
સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪